# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૫ : અંક–૧૬૪ વર્ષ - ૧૪ : મે–૨૦૧૧

**આસો વદ ૪, શુક્રવાર તા. ૨૦-૧૦-૧૯૭૮, 'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૩૩૫-૩૩૬ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન–૧૨૫**



બહારના ગમે તેવા સંયોગમાં ધર્મ ન છોડવો, ચૈતન્ય તરફની રુચિ ન છોડવી. ધર્મ કે રુચિ છૂટે તો અમૂલ્ય મનુષ્યભવ હારી ગયા. ૩૩૫

**'બાહર કે ચાહે જૈસે સંયોગમેં ધર્મ કો નહીં છોડના,...'** આહા...હા..! ચાહે તો પ્રતિકૂલ સંયોગ હો યા અનુકૂલ (સંયોગ) હો. પર મૈં આનંદસ્વરૂપ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન (હૂં) ઉસકી દૃષ્ટિ નહીં છોડના. આહા...હા..! મૈં તો શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણાનંદ પ્રભુ ! સર્વજ્ઞ પરમેશ્વર, જીનેશ્વર ને કહા વહ. અજ્ઞાનિયોંને જો આત્મા-આત્મા કહા, વહ નહિ. આહા...હા..! **'ચાહે જૈસે સંયોગમેં ધર્મ કો...'** દૃષ્ટિ–રુચિ જો જ્ઞાયક હુઈ. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ કી પ્રતીતિ--અનુભવ હુઆ, વહ રુચિ ચાહે જિતને (પ્રતિકૂલ) સંયોગ હો... આહા...હા..! નહીં છોડના. યહ રુચિ-દૃષ્ટિ નહીં છોડના. આહા...હા..! જો આત્મા અપની રુચિમેં પોષણ હો ગયા, પોષણ કો ક્યા કહતે હૈં ?

મુમુક્ષુ :– પડતા આના...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પોહાય... પોષાણ. અમને મેં પોસાતા હૈ. જૈસે વ્યાપારી કો માલ પોસાતા હૈ ન ? તીન રૂપયે મન હો ઔર સાડે તીન યહાં ઉપજે તો વહ માલ પોસાતા હૈ. પર તીન રૂપયે મેં લાયે ઔર યહાં ઢાઈ રૂપયા મિલે વહ માલ પોસાતા હૈ ? બનિયે ઐસા ધંધા નહિ કરતે. ઐસે ભગવાનઆત્મા. આહા...હા..! જિસે રાગ પોસાતા નહિ, સમય કી પર્યાય પોસાતી નહિ. ભગવાન પૂર્ણ આનન્દસ્વરૂપ (કા) રુચિ મેં પોસાણ આયા. આહા...હા..! પ્રતિકૂલ કોઈ ભી સંયોગ હો, નિર્ધન હો, પાની મિલે નહીં, યે મિલે નહીં. અકાલ હો. દુનિયા સારી દુશ્મન હો જાયે. પર અપને જ્ઞાયક સ્વરૂપ કી રુચિ કો નહીં છોડના. આહા...હા..! આહા...હા..! 'નિયમસાર' મેં આતા હૈ ન ? આખીર મેં નિંદા. કોઈ કિતની ભી નિંદા કરે પર તુમ જૈનધર્મ કો નહીં છોડના. આહા...હા..!

મુમુક્ષુ :– 'નિયમસાર' મેં આખિર મેં આતા હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– 'નિયમસાર' મેં આખિર મેં કહને કા આશય યહ હૈ કિ, અપના આનંદસ્વરૂપ ભગવાન વીતરાગમૂર્તિ (હૈ), ઉસકી પ્રતીતિ ઔર જ્ઞાન હુઆ, વહ લોક નિંદા કરે કી દેખો ! યહ તો નિશ્ચય નિશ્ચય કી બાતેં કરતા હૈ એસા કહકર લોગ વિરોધ કરે (ફિર ભી) તુમ છોડના મત, તેરી દૃષ્ટિ મત છોડના. આહા...હા..! સમજ મેં આયા ? એસા માર્ગ હૈ. (એક ભાઈ) સ્થાનકવાસી કે શાસ્ત્રોં કા લિખા હુઆ સબ આધાર દે. ઇસમેં યહ કહા હૈ, ઇસમેં યહ કહા હૈ. દૃષ્ટિ હી વિપરીત હૈ. .... મેં હૈ ના ? બડે વિરાયતન કિયા હૈ. વહ એક હૈ ન ? 'મોરબી' કે થે, મિલે થે હમેં. યહાં આયે થે. 'રાજકોટ' આયે થે. 'ગોંડલ' આયે થે, હાં ! 'ગોંડલ' આયે થે. 'ગોંડલ' આયે થે. પહલે જબ ગયે થે, (સંવત) ૧૯૬૯ કી સાલ મેં 'મોરબી' મેં (એક સાધુ કા) ચાતુર્માસ થા. પતા નહીં ? ભાઈ ! 'મોરબી', 'મોરબી'. ૬૯ કી સાલ. ૭૦ વર્ષ પહલે. ૬૫ વર્ષ પહલે કી બાત હૈ. હમ ગયે થે, ગૃહસ્થાશ્રમ મેં થે ન ? 'પાલેજ' મેં દુકાન થી તો વહ છોડકર આયે થે. 'પાલેજ' મેં દુકાન હૈ ન ! અભી દુકાન હૈ. વહાં ૯ સાલ તક રહે. 'ભરૂચ' ઔર 'વડોદરા' કે બીચમેં 'પાલેજ' હૈ. ૯ સાલ હમ વહાં રહે. પિતાજી કી દુકાન થી. પાંચ સાલ તો મૈંને દુકાન ચલાઈ થી. ૧૭ વર્ષ સે ૨૨ વર્ષ તક. પાંચ સાલ. છોડકર આયે થે. ફિર ૧૯૬૯ મેં ચાતુર્માસ થા. 'મોરબી' મેં. તો હમ ગયે થે. તબ વહાં (એક ભાઈ) મિલે થે. પરંતુ શ્રદ્ધા-બદ્ધા કી કુછ ખબર નહિ. બાહર મેં હો..હા, હો..હા... મારવાડી થે. બડે મકાનમાં 'મોરબી' મેં (રહે થે). આઠ દિન હમ રહે થે. ફિર 'રાજકોટ' (ગયે). આહા...હા..! પર યે ચીજ નહીં થી, બાપૂ ! કહાં થી ? હમને સબ સુના હૈ ન ! વહ દૃષ્ટિ હી વિપરીત (થી). આહા...હા..!

ગુણસમુદ્ર ભગવાનઆત્મા... આહા..હા...! ઉસકી જિસકો અંતરમેં રુચિ હુઈ (ઉસે) કોઈ ભી પ્રતિકૂલ સંયોગ (આયે), દુનિયા સારી ફીર જાએ, પર વહ દૃષ્ટિ જો રુચિ હુઈ હૈ વહ ફિરે નહીં. આહા...હા..! સમજ મેં આયા ? **'ધર્મ યા રુચિ છૂટી...'** આહા..હા...! અનંત-અનંત ગુણ કા સમુદ્ર પ્રભુ ! ઉસકી દૃષ્ટિ-રુચિ હુઈ, વહ જો છુટ ગઈ. આહા...હા..! તો **'અમૂલ્ય મનુષ્યભવ હાર ગયે.'** મનુષ્યભવ મિલા વહ હાર ગયે. આહા...હા..! દુનિયા માનનેવાલા ન મિલે, વિરોધ કરનેવાલે મિલે તો છોડના નહીં, ધર્મ રુચિ છોડના નહીં. મૈં તો પૂર્ણાનંદ કા નાથ હૂં. મૈં પર્યાય મેં નહીં, મૈં રાગ મેં નહીં. આહા...હા..!

**'ધર્મ યા રુચિ...'** ધર્મ યાની શુદ્ધચૈતન્ય ભગવાન આહા...હા..! ઉસકી દૃષ્ટિ ઔર ઉસમેં રમણતા હુઈ હો. ઉસે નહીં છોડના. આહા...હા..! દુનિયા માને યા ન માને, સંખ્યા હો યા ન હો, પર અપના આનંદસ્વરૂપ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરને કહા, ઉસકી જો રુચિ હુઈ, તો ઉસે નહીં છોડના. પ્રતિકૂલ સંયોગ મેં નહીં છોડના. હૈ ? **'અમૂલ્ય મનુષ્યભવ હાર ગયે.'** આહા...હા..! ૩૫ (બોલ પૂરા હુઆ).

**કર્મોના વિવિધ વિપાકમાં જ્ઞાયકભાવ ચળતો નથી. જેમ કાદવમાં કમળ નિર્લેપ રહે છે, તેમ ચૈતન્ય પણ ગમે તે કર્મસંયોગમાં નિર્લેપ રહે છે. ૩૩૬.**

૩૩૬. **'કર્મોં કે વિવિધ પાકમેં જ્ઞાયકભાવ ચલિત નહીં હોતા.'** ક્યા કહતે હૈં ? ભગવાનઆત્મા જ્ઞાયકસ્વરૂપ, દ્રવ્યસ્વરૂપ, પદાર્થસ્વરૂપ, તત્ત્વસ્વરૂપ, શુદ્ધચૈતન્યઘન, ઉસકા કર્મકા નિમિત્ત સે... **'કર્મોં કે વિવિધ વિપાક મેં જ્ઞાયકભાવ ચલિત નહીં હોતા.'** ચાહે તો શુભ-અશુભ હો. આહા...હા..! કર્મ કે નિમિત્ત કે સંગ કર્મ કે વિપાક સે અપની પર્યાય મેં અશુભભાવ હો (તો ભી) દૃષ્ટિ સે ચલિત નહીં હોના કિ ઐસા (ઉદય) આ ગયા. ઐસા

તો હોતા હૈ. આહા...હા..! સમજ મેં આયા ?

**'જ્ઞાયકભાવ ચલિત નહિ હોતા.'** જ્ઞાયક જો ત્રિકાલી પ્રભુ હૈ વહ દૃષ્ટિમેં સે ચલિત નહિ હોતા, વહ વસ્તુ નહીં ચલિત હોતી. આહા...હા..! ચાહે તો રૌદ્રધ્યાન હો જાય. આહા...હા..! સમજ મેં આયા ? કર્મ કે વિપાક કે સંગ મેં અશુભભાવ મલિન આ જાયે પરંતુ જ્ઞાયકભાવ ઉસમેં આતા નહીં. જ્ઞાયકભાવ ચલિત નહીં હોતા. આહા...હા..! જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવ હી રહતા હૈ. ધર્મી કી દૃષ્ટિ મેં જ્ઞાયકભાવ આયા વહ તો વૈસા હી રહતા હૈ. આહા...હા..! ઐસી બાત હૈ.

**'કર્મ કે વિવિધ વિપાક મેં જ્ઞાયકભાવ ચલિત નહીં હોતા.'** આહા...હા..! ત્રિકાલી જ્ઞાયકભાવ ચલિત નહીં હોતા. દૃષ્ટિ મેં આયા ન ? એસા કહતે હૈં. યહ વસ્તુ જો હૈ ત્રિકાલ દ્રવ્યસ્વભાવ, વહ પર્યાય કી ઉસ પાર અંદર હૈ. આહા...હા..! પર્યાય હૈ વહ ઉપર હૈ ઔર વસ્તુ અંદર હૈ. અરે..! યહ ક્યા ? પર્યાય જો વર્તમાન બહાર પર્યાય દિખતી હૈ. જાનને કી, શ્રદ્ધા કી, વિચાર કરને કી પર્યાય હૈ, વહ પર્યાય એક સમય કી હૈ. ઉસમેં વસ્તુ અંતરમેં તલ મેં અંદર ભિન્ન હૈ. પર્યાય મેં આતી નહિ, પર્યાય તો ઉપર ઉપર તીરતી હૈ. આહા...હા..! આહા...હા..! ઔર જિસ પર્યાય સે નિર્ણય હોતા વહ પર્યાય ઉપર તરતી હૈ, ઐસા કહતે હૈં. આહા...હા..!

વહ તો સબેરે મેં એક વિચાર યહ આયા થા. ભાઈ કા, 'સોગાની' કા. **પર્યાય મેરા ધ્યાન કરો તો કરો. મૈં કિસકા કરું ?'** આતા હૈ ઉસમેં ? **'સોગાની થે.' 'કલકત્તા' 'નિહાલચંદ સોગાની ! યહાં આયે. બહુત વાંચન થા.** પૈસેવાલા લડકા **હૈ, બહુત પૈસા હૈ. બહુત વાંચન કિયા થા, શાસ્ત્ર-અભ્યાસ કિયા થા.** બાવા-જોગી કો મિલે થે, જૈન કે સાધુ કો (મિલે થે). **ફિર યહાં આયે. ઇતના કહા, પ્રભુ ! યહ રાગ કા જો વિકલ્પ ઉઠતા હૈ ન ઉસસે અંદર ભગવાન ભિન્ન હૈ. આહા...હા..! ઐસે હી વિચાર મેં રાત (કો) ઘોલન કિયા, સમ્યગ્દર્શન નિર્વિકલ્પ ધ્યાન હોકર ઉઠ ગયે. ઉસમેં લિખા હૈ. હૈ ? આજ સબેરે યાદ આયા થા.** આગે લિખા હૈ ન ? વરના તો હાથ ભી ન આયે. ભાઈને નિકાલા થા. ૬૦ નંબર કે ૫ન્ને ૫૨ હૈ. દેખો ! ૬૦ ૫ન્ને ૫૨ થા ? ભાઈ ! દૂસરા ભાગ હૈ. ઉસમેં ભી ૫ન્ના ફિરતા હૈ ? આહા...હા..! (બોલ-૨૭૯)

**'(અભિપ્રાયકી) જરા-સી ભૂલ વહ ભી પૂરી ભૂલ હૈ.'** અભિપ્રાય મેં જરા સી ભૂલ કી રાગ મેરા હૈ, પર્યાય મેરી હૈ, ઇતના ભી હો તો બડી ભૂલ હૈ. **'પર્યાય ધ્યાન કરનેવાલી હૈ,...'** હિન્દી હૈ. પર્યાય જો જ્ઞાન કી વર્તમાન દશા હૈ, વહ ધ્યાન કરનેવાલી (હૈ). વહ મેરા ધ્યાન કરતી હૈ. મૈં તો ધ્રુવ હૂં. (પુસ્તક) મિલા હૈ ન ? આહા...હા..!

**'પર્યાય ધ્યાન કરનેવાલી હૈ,...'** આહા...હા..! રાગ નહીં, શરીર નહીં, પર્યાય ધ્રુવ નહીં. ધ્રુવ કા ધ્યાન કરનેવાલી પર્યાય હૈ. અરે... અરે...! ઐસી બાતેં હૈં ! કભી સુની ન હો. આ..હા...!

**'પર્યાય ધ્યાન કરનેવાલી હૈ, ઔર 'મૈં" તો ધ્યાન કી વિષયભૂત વસ્તુ હૂં;...'** પર્યાય ધ્યાન કરો પરંતુ મૈં તો પર્યાય કે ધ્યાન કા વિષય જો ત્રિકાલી વસ્તુ હૈ, વહ મૈં હૂં. આહા...હા..! **'પર્યાય મેરા ધ્યાન કરતી હૈ, 'મૈં' ધ્યાન કરનેવાલા નહીં હૂં.'** આહા...હા..! પઢા હૈ આપને? પઢા હૈ ? આહા...હા..!

શરીર, વાણી, મન તો જડ-પર હૈ. રાગ-દયા, દાન, વિકલ્પ, હિંસા વહ તો વિકાર હૈ. પરંતુ વિકાર બિના કી યહાં જો પર્યાય હૈ, વહ પર્યાય મેરા ધ્યાન કરતી હૈ. મૈં તો ધ્રુવ-અનંત ગુણ કા પિંડ પ્રભુ ધ્રુવ હૂં. આહા...હા..! 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' આ ગયા હૈ ? ભાઈ ! હૈ વહાં. આહા...હા..! 'લંદન' ભેજને કે લિયે. ભાઈ ભેજનેવાલે હૈં 'લંદન'. (એક મુમુક્ષુ) હૈ ન વહાં ? 'લંદન' મેં યહાં કા પઢતે હૈં, યહાં કા વાંચન હૈ. યહાં કા પ્રચાર 'લંદન' મેં હૈ. ભાઈ ભેજનવાલે હૈં, ઉનકો મિલા નહીં. (એક મુમુક્ષુ) હૈં, વહાં પઢતે હૈં. મુમુક્ષુ ઇકટ્ઠા કરતે હૈં. ઓ...હો...! ઐસા માર્ગ કભી સુના નહીં, જાના નહીં. 'આફ્રિકા' સે દૂર હૈ ન ? ભાઈ ! દૂર હૈ ? 'આફ્રિકા' સે દૂર. 'આફ્રિકા' પાસ હૈ, 'લંદન' દૂર હૈ.

'આફ્રિકા' મેં તો ૧૫ લાખકા મંદિર અભી હુઆ

હૈ. જ્યેષ્ઠ સુદ ૧૧. વહાં શ્વેતાંબર કે ૬૦ ઘર હૈં, વે સબ દિગંબર હો ગયે હૈં. 'આફ્રિકા' મેં 'નાઈરોબી' ૨૫-૩૦ વર્ષ સે યહાં કા વાંચન ચલતા હૈ ઔર 'સમયસાર' કા ટેપ રેકોર્ડિંગ પાંચ હજાર લે ગયે હૈં. 'આફ્રિકા'. જેઠ સુદ ૧૧ મેં પંદ્રહ લાખ કા નયા મંદિર બન રહા હૈ, ઢાઈ લાખકા તો હૈ, સ્વાધ્યાય કરતે હૈં. સબ એકસાથ મિલકર ખાતમુહૂર્ત... ક્યા કહતે હૈં ? શિલાન્યાસ. 'આફ્રિકા' મેં અપને મુમુક્ષુઓને પંદ્રહ લાખ કા દિગંબર મંદિર કા શીલાન્યાસ કિયા. 'આફ્રિકા.'

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– કૌન કરે ? યહ તો હુઆ ઉસકા બતાના હૈ. ડેઢ વર્ષ મેં પૂરા હોગા. બિનતી કરને આયેંગે. શરીર કો ૮૯ વર્ષ હુએ. ગર્ભ કે તો ૯૦ હૈ. સવા નવ મહીને ગિને તો. ગર્ભ કે ગિને તો શરીર કા ૯૦ વર્ષ ચલ રહા હૈ.

મુમુક્ષુ :– હવા-પાની આપકો અનુકૂલ હૈં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ખોરાક સાધારણ. ચાર ફૂલકે (–રોટી).

મુમુક્ષુ :– યહાં હવા-પાની અચ્છે હૈં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વહ તો પતા નહીં પરંતુ વહાં કે હવા-પાની અચ્છે નહીં હૈ ઐસા કહતે હૈં. દિસમ્બરમેં અચ્છે હોતે હૈં. ઐસા કુછ હૈ. આગે-પીછે હવા-પાની અચ્છે નહીં હોતે. બહુત સર્દી (હોતી હૈ).

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હાં ઐસા કહતે હૈં. અબ દેખો ક્યા હોગા ?

યહાં તો કહતે હૈં... આહા...હા..! પર્યાય ધ્યાન કરે તો કરો. આહા...હા..! મૈં તો અનંત આનંદકા કંદ પ્રભુ હૂઁ. આહા...હા..! ભાઈ ! યહ 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' મિલા હૈ કિ નહીં ?

મુમુક્ષુ :– 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– હાં હૈ ન. વહ તો પહલે સે હૈ ન. આહા...હા..!

મૈં કૌન હૂં ? મૈં તો અનંતગુણ કા સમુદ્ર–દરિયા પરમાત્મસ્વરૂપ મૈં હૂં. અભી, હાં ! યદિ પરમાત્મસ્વરૂપ ન હો તો પર્યાયમેં પરમાત્મસ્વરૂપ, કેવલી અરિહંત કો હોતા હૈ વહ કહાં સે આયેગા ? બહાર સે આયેગી કોઈ ચીજ ? આહા...હા..!

ભગવાનઆત્મા મૈં ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ (હૂં). **'ઉત્પાદ વ્યય ધ્રુવયુક્તં સત્'** ઉસમેં ઉત્પાદ-વ્યય પર્યાય હૈ. ધ્રુવ ત્રિકાલી નય કી અપેક્ષા સે દ્રવ્ય હૈ. નય કા દ્રવ્ય. પ્રમાણ કા દ્રવ્ય તો દોનોં મિલકર (હોતા હૈ). આહા...હા..! યહાં કહતે હૈં કિ સમ્યગ્દૃષ્ટિજીવ ધર્મી ઇસે કહે કિ ધ્રુવ સ્વરૂપી મૈં હૂં (ઐસી દૃષ્ટિ હુઈ હૈ). આહા...હા..! ત્રિકાલી દ્રવ્યસ્વભાવ જો વસ્તુ જ્ઞાયકભાવ વહ મૈં હૂં. યહ મૈં હૂં ઐસા પર્યાય માનતી હૈ, ધ્રુવ નહિ. ધ્રુવ મૈં હૂં ઐસા પર્યાય કહતી હૈ કિ મૈં ધ્રુવ હૂં. પર્યાય ધ્રુવ કા ધ્યાન કરતી હૈ. ઐસી બાતેં હૈં. ઐસા કઠીન હૈ, બાપૂ ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર કા માર્ગ કોઈ અલૌકિક હૈ. લોગોં કો મિલા નહિ હૈ, આહા..હા...! અજૈન મેં જૈનપના માન કર જીવન ચલા જાતા હૈ. આહા...હા..!

ભગવાન આત્મા વીતરાગબિંબ પ્રભુ મૈં હૂં, ઐસા ધર્મી જાનતે હૈં. (ઐસા) મૈં હૂં, ઐસા પર્યાય કહતી હૈ. પર્યાય ઐસા (કહતી) હૈ, મૈં પર્યાય હું ઐસા નહિ. આહા...હા..! ત્રિકાલ ભગવાન રહનેવાલા, આદિ-અંત બિના કી ચીજ હૈ નિત્યાનંદપ્રભુ ધ્રુવ, સમ્યગ્દૃષ્ટિ કી પર્યાય. ઐસા કહતી હૈ કિ મૈં યહ હૂં. આહા...હા..! ઉસે સમ્યગ્દૃષ્ટિ કહતે હૈં, બાકી તો મિથ્યાદૃષ્ટિ હૈં. આહા...હા..!

**'મૈં તો ધ્યાનકા વિષય હૂં; ઇસ બાત મેં જરા-સા ફેર લગતા હૈ; પરંતુ રાત-દિન જિતના બડા ફેર હૈ. (એક મેં પર્યાયદૃષ્ટિ રહતી હૈ જબકિ દૂસરે મેં દ્રવ્યદૃષ્ટિ હોતી હૈ,...'** ઐસા કહતે હૈં. આહા...હા..! **'મૈં ધ્યાન કરનેવાલા નહીં, મૈં તો ધ્યાન કા વિષય હૂં..'** આહા...હા..! ધ્યાન કરનેવાલા મૈં ઔર ધ્યાન કા વિષય વહ મૈં, દો મેં ફેર હૈ. એક પર્યાયબુદ્ધિ હૈ, એક દ્રવ્યબુદ્ધિ હૈ. ઇતના ફેર હૈ. વિશેષ લેંગે...

# પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પૂજ્ય શ્રી સોગાનીજી વિશે હૃદયોદ્‌ગાર

દૃષ્ટાંત વિચારીએ તો 'સોગાનીજી'ને 'ગુરુદેવ' પ્રત્યે કેટલી ભક્તિ હતી એ એમના મૂળ પત્રો છે એમાં પ્રસિદ્ધ થયા વિના રહેતી નથી. પણ 'મને 'ગુરુદેવ' પ્રત્યે ઘણી ભક્તિ છે' એવું પ્રદર્શન એમણે ક્યારેય કર્યું નથી. ભક્તિ કેટલી હતી એ વાત તો હવે અછાની નથી. ભક્તિના પ્રકરણમાં તો-સત્પુરુષની ભક્તિના પ્રકરણમાં તો એમના ભક્તિભાવના ત્રણેક પત્રોમાં એમણે ઉદ્ધરણ કર્યું છે. છતાં બહારમાં એવો દેખાવ કરવાનું એમનાથી કદી નથી થયું. એ સહજતા બતાવે છે. એ પ્રકૃતિગત વિષય હતો કે, સહેજે-સહેજે જેમ થાય તેમ ચાલ્યા કરવું, કાંઈપણ કૃત્રિમ રીતે દેખાવ કરીને કાંઈ ન કરવું અથવા કોઈ વાત પહેલેથી નક્કી કરી લેવી અને પછી એવો દેખાવ કરવો, એવી વાત કરવી, એવી રજુઆત કરવી એ પણ એમને ફાવતું નહોતું. એ સહજદશા (છે) એ જ્ઞાનીનું પરિણમન છે. ('અધ્યાત્મસુધા ભાગ-૧', પાના નં. ૩૧)

❈

એક બહુ લાક્ષણિક પદ્ધતિથી 'સોગાનીજી'એ એક પત્રમાં એવું લખ્યું છે કે, હે વિકલ્પ ! હવે તો તું શાંત થા. ભલે વેપારી હતા પણ એમની શૈલી લેખક જેવી હતી ! (લખે છે કે) હે વિકલ્પ ! તું શાંત થઈ જા એટલે તું મરી જા એમ કહે છે. અને જો તારે શાંત ન થવું હોય, છતાં તારે જીવવું હોય તો મને શ્રીગુરુના ચરણમાં લઈ જા. શું કીધું ? હે વિકલ્પ ! (જો) તારે જીવવું હોય તો તું મને સદ્‌ગુરુ-શ્રીગુરુના ચરણમાં લઈ જા. નહિતર શ્રીગુરુએ એવું શસ્ત્ર મને આપ્યું છે કે તારું મોત થઈ જશે. તું નહિ જીવી શકે. તારે હજી થોડુંક જીવવું હોય તો હજી એક સ્થાન છે, એટલો રસ્તો છે, એટલી જગ્યા છે કે, તું મને શ્રીગુરુના ચરણમાં લઈ જા. બીજો વિકલ્પ તો તું થઈશ જ નહિ એમ કહે છે. **બહુ નિશ્ચયપ્રધાન ભાષા હતી, દૃષ્ટિનું જોર પણ ઘણું હતું. તોપણ ભક્તિ એવી જ આવી છે ! આ એક વિશેષતા છે ! એમનાં પત્રોમાં આ ઘણી વિશેષતા છે.**
('અધ્યાત્મસુધા ભાગ-૧', પાના નં. ૨૪૮)

❈

'સોગાનીજી'એ Indirect speechમાં એક બહુ સારી વાત કરી છે કે, પહેલાં એમ લાગતું હતું કે, મોક્ષ તો બહુ મોટી વાત છે, મોક્ષ પામવો એ તો બહુ મોટી વાત છે. 'ગુરુદેવ'ની ભક્તિ કરતાં-કરતાં, મહિમા કરતાં-કરતાં (કહે છે કે) હે 'ગુરુદેવ' આપના વચનો સાંભળ્યા પછી મોક્ષની વાત તો સાવ સાધારણ થઈ ગઈ છે ! કેમકે મોક્ષ તો હું પામવાનો છું. મોક્ષ પામવો એમાં શું મોટી વાત છે ! એ તો એક સમયની પર્યાય છે, એની તો સામું જોવા કોણ તૈયાર છે ? આવી સહજ વાત કરી નાખી. કેવી રીતે કરી નાખી ? કે, મૈં ભગવાન હૂં, મૈં ભગવાન હૂં... એમ પર્યાય છે એ ભગવાનું-નિજ ભગવાનનું ભજન કરવા લાગી એમાં મોક્ષની વાત તો સાધારણ થઈ ગઈ ! આ મોક્ષની આવી મોટી હાઉ જેવી દેખાતી વાત આટલી બધી સામાન્ય થઈ જશે એ કલ્પના નહોતી. એવા ભાવમાં એ વાક્યો લખ્યા છે, બહુ ભાવવાહી લખ્યા છે ! તમારા વચનોનો ચમત્કાર

તો જુઓ ! એમ કરીને ત્યાં ખરેખર તો એમણે ભક્તિ કરી છે અને અનેક જગ્યાએ જ્યાં-જ્યાં સિદ્ધાંતની અને મૂળ દ્રવ્યની એમણે વાત કરી છે એ વાત કરતાં કોઈ વાર આગળ તો કોઈ વાર પાછળ 'ગુરુદેવ'ને નામે એ વાત એમણે ચડાવી દીધી છે. આમ 'ગુરુદેવ' કહે છે અથવા 'ગુરુદેવ'થી આ વાત આમ મળી છે, 'ગુરુદેવે' જે કહ્યું એનો સાર મેં આમ લીધો છે. એમ કરીને વાત ત્યાં ચડાવી દીધી છે. એમ કુદરતી એ બધાં પત્રોની અંદર ભક્તિપૂર્વક જ એ બધી વાત આવી છે. આવી છે પરમ શુદ્ધ નિશ્ચયની વાતો આવી છે. ભક્તિ અને વિનય અસાધારણ ! પરમ વિનય અને પરમ ભક્તિ સાથે એ બધું પ્રતિપાદન થયું છે. હવે એમને તો તે 'દી ખબર નથી કે, આ પત્રો પુસ્તકારૂઢ થશે. થોડાંક તો એમણે ફાડી નાખ્યા ! ખબર પડી કે આ પત્રો રાખ્યા છે, સાચવ્યા છે તો ફાડી નાખ્યા ! આ શું ? કાગળો રાખીને આ બધું – ચર્ચા ને આ બધું શું માંડ્યું છે ? ખબર પડી કે આ કાગળો ઉપર ચર્ચા ચાલે છે તો થોડાંક હાથમાં આવ્યા ઇ ફાડી નાખ્યા. આ બધી ચર્ચા કરી-કરીને આ બધું શું બહાર પાડવું છે ? બહાર પડવા માટે એ પહેલેથી જ એટલા દૂર ચાલતા હતા. લખતી વખતે એવી તો ખબર પણ નહોતી કે, આ પુસ્તકારૂઢ થશે. પણ **એમની વાણીમાં કુદરતી જેટલો જોરથી નિશ્ચયનો વિષય બહાર આવ્યો છે એટલી જ ભક્તિ સાથે-સાથે બહાર આવી ગઈ છે. આ એક સંકેત કરે છે કે, (અંતરંગ અધ્યાત્મ) દશા અને ભક્તિને સાથે રહેવાની કેવી કુદરતી પરિસ્થિતિ હોય છે ! એ નિશ્ચયની સાથેનો એટલો સુમેળ છે.** ('અધ્યાત્મસુધા ભાગ-૧', પાના નં. ૩૭૯)

❋

'સોગાનીજી'ના જીવન પરિચયમાં એ વાત લીધી છે. જીવન પરિચય આપ્યો છે. એમને જીવવું મુશ્કેલ થઈ પડ્યું હતું. એવા શબ્દો વાપર્યા છે. જોયું હતું ને ત્યાં ? એક-બે જગ્યાએ એ વાત લખી છે. શાંતિ કે લિયે **'ઇધર ધુન થી શાંતિ કી ઔર ઉધર ગૃહસ્થ હોને કે કારણ સંસાર મેં ભી યોગ દેના પડતા થા.'** દેવું હતું નહિ પણ દેવું પડતું હતું. **'પર મન ઉસમેં રમતા નહીં થા,...'** કેમકે એ પરાણે થવાનું કાર્ય છે. **'પ્રત્યેક સાંસારિક કાર્ય વિષ-તુલ્ય લગતા થા.'** કેવું ? **'પ્રત્યેક સાંસારિક કાર્ય વિષ-તુલ્ય લગતા થા. યહાં તક કિ ખાના ભી ઇસ અરુચિ કે સાથ ખાયા જાતા...'** સાંસારિક કાર્યોમાં ખાવાનો પણ એક રોજિંદો પ્રસંગ છે તો જમવા બેસે તોપણ અરુચિ પરિણામે, રસ લ્યે એમ નહિ. ('અધ્યાત્મસુધા ભાગ-૨', પાના નં. ૪૬)

❋

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (મે–૨૦૧૧નું) શુલ્ક શ્રી દિલીપભાઈ મેઘજીભાઈ સાવલા, (મુંબઈ) તથા એક મુમુક્ષુબહેન (હૈદ્રાબાદ)ના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



# શ્રી સ્વાનુભૂતિદર્શન, પ્રશ્ન ૨૪૩ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૪૨૦ (તા.૨૪-૯-૧૯૯૭, કલકત્તા)

મુમુક્ષુ :– ઉદયમાં ફેરફાર કરવા જતાં પોતાના પરીણામોમાં ફેરફાર કરી લ્યે છે તો ઉદયમાં જે ફેરફાર છે એ શક્ય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– ઉદયમાં ફેરફાર શક્ય નથી આમ તો. ઉદયમાં આવી ગયા પછી. ઉદય ચાલુ થઈ ગયા પછી ઉદયમાં ફેરફાર શક્ય નથી. એ વિષય થોડો વધારે ઊંડો છે. જેમ કે કોઈ જ્ઞાની મુનિ થાય છે. મુનિદશા સુધી પહોંચી જાય છે અને મુનિ થાય છે અને કોઈ જ્ઞાની મુનિ નથી થતાં. મુનિદશા સુધી પહોંચતા પણ નથી અને મુનિ નથી થતાં. છતાં પણ એનો દીર્ઘ સંસાર નથી હોતો.

જેમ કે 'કૃપાળુદેવ'. આ ગણિત બહુ ઊંડું છે, વિચિત્ર છે. બહારમાં મુનિદશા આવે, ચોક્કસ ઊંચી દશા છે અને ત્યાગ દશા પણ છે. અંતર-બાહ્ય બંને ઉચ્ચ કોટીની દશા છે અને આ અત્યાગદશા છે એ એવી ઉચ્ચ કોટીની દશા દેખાતી નથી. અને ગુણસ્થાનની ગણતરીએ છે પણ નહિ. તો પણ એ સ્થિતિમાં ચારિત્રમોહના મૂળ, દર્શનમોહ તો ગયો છે, ચારિત્રમોહના મૂળ એવી રીતે એ કાપે છે કે એમનો દીર્ઘ સંસાર નથી હોતો. એકાદ ભવમાં મોક્ષે ચાલ્યા જશે, મોક્ષમાં ચાલ્યા જશે.

એવો જ એક બીજો દૃષ્ટાંત છે. 'બાહુબલી' અને 'ભરત' મહારાજાનો. 'બાહુબલી'ને વૈરાગ્ય વહેલો આવ્યો. બંને ભાઈઓ લડ્યા. બંને ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હતા. એક ભવે મોક્ષે જનારા હતા. પણ વૈરાગ્ય વહેલો આવ્યો 'બાહુબલી'ને અને વૈરાગ્ય મોડો આવ્યો 'ભરત મહારાજા'ને. 'બાહુબલીજી' એક હજાર વર્ષ સુધી મુનિદશામાં રહ્યા પછી કેવળજ્ઞાન થયું અને એમાં પણ એમણે જ્ઞાન-ધ્યાન ઘણું કર્યું. ખડગાસને ધ્યાન કરવામાં વેલાઓ વીંટાઈ ગયા તો પણ એ વિચલિત નથી થયા. જંગલમાં ઊભા ઊભા ધ્યાન કરતા હોય, વેલા ઊગી નીકળે, વીંટાવા માંડે (પણ) વિચલિત નથી થતાં. એકહજાર વર્ષ પછી કેવળજ્ઞાન થયું.

'ભરત મહારાજા' એ દરમ્યાનમાં રાજકાજમાં રહ્યા છે. ઘણી સાધના રાજકાજમાં રહીને સાધી છે. જેવો વૈરાગ્ય આવ્યો (કે) અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લીધું. એ સમજાય એવો વિષય છે ?

મુમુક્ષુ :– Calculation નથી.

પૂજ્ય ભાઈશ્રી :– Calculation થી સમજાય એવો વિષય નથી. ગણિત ગણવા બેસે તો સમજાય એવો વિષય નથી. પણ સાધનાના પ્રકાર બહુ ઊંડા છે. સાધનાનો વિશિષ્ટ પ્રકાર છે આ કે પ્રવૃત્તિમાં રહીને તે સંચિત કર્મની નિર્જરા છે જ્ઞાનીઓ, કેટલાક જ્ઞાનીઓ. બહુ વિશિષ્ટ પ્રકારે એ સંસારને કાપી નાખે છે. ભલે એમનો બાહ્યત્યાગ અને મુનિદશા એટલે સુધી પહોંચ્યા નથી એ ભવમાં પણ તેથી કરીને એમણે કામ ઓછું કર્યું છે એમ ન કહી શકાય. અને એ એમનું પરિણામ અને Result બતાવે છે. એ વિષયને સાબિત કરે છે.

મુમુક્ષુ :– માનથી અટકી ગયા તા એટલે, બાહુબલીજી

પૂજ્ય ભાઈશ્રી :– એ ગમે તે પ્રકારે. પણ હવે કેવળજ્ઞાન નહોતું લીધું એ વાત તો નક્કી. બહુ સ્થૂળ માન તો જાણે હોતું નથી. જે કથામાં આવે છે એવું કાંઈ સ્થૂળ માન એમને ન હોય કે હું ભરતની ભૂમિ ઉપર ઊભો છું હજી. મુનિદશામાં એટલો તીવ્ર કષાય નથી હોતો. એ બધું એ કથા તો બાળબુદ્ધિઓને

સમજાવવા માટે છે. એ સૂક્ષ્મ પ્રકાર હોય છે સંજ્જ્વલન નો. એટલે એ મુનિદશા સમજતા હોય એને ખ્યાલ આવે. બીજાને ખ્યાલ ન આવે.

'કૃપાળુદેવે' જે પત્ર લખ્યો છે, ૭૦૮ નંબરનો પત્ર છે. એમાં એમણે એ ચર્ચા કરી છે કે સર્વસંગ પરિત્યાગની દશા આવ્યેથી જીનશાસનની પ્રભાવના કરવી છે અને એ પહેલા ઉપદેશકપણે પ્રવૃત્તિ કરવાની ઇચ્છા નથી. 'સોભાગભાઈ' અને 'અંબાલાલભાઈ'ને એ લોકો Pressure કરે છે કે આપનું સામર્થ્ય ઘણું છે અને આપ જો જિનશાસનને પ્રવર્તાવો તો અનેક જીવોને લાભ થવાની સંભાવના છે તો આપ ગમે તેમ કરીને પણ સામાજિક Platform ઉપર આવો. કહેવાનો મતલબ એ છે. 'કૃપાળુદેવે' એ વિષે બહુ મંથન કર્યું છે અને મંથન એમણે પોતાના પત્રની અંદર પણ વ્યક્ત કર્યું છે કે હું શા માટે નથી આવતો. પોતાની ઇચ્છા એમ છે કે સર્વસંગપરિત્યાગ કરીને મુનિદશામાં આવીને ઉપદેશ આપવો. એ પહેલા ઉપદેશ આપવામાં અનેક જીવોને શંકાનું કારણ બનશે. અને જે જે જીવોને શંકાનું કારણ બનશે એને ઘણું નુકસાન થશે અને મહાત્માઓએ, તીર્થંકરોએ પણ સર્વસંગપરિત્યાગદશામાં આવીને ઉપદેશકપણું પ્રવર્તમાન કર્યું છે તો એમની પરંપરા મારે ન તોડવી જોઈએ. એવો પણ મારો અભિપ્રાય છે. એમ બધા પડખેથી મેં વિચાર કરીને એ નક્કી કર્યું છે.

હવે સર્વસંગપરિત્યાગ અત્યારે પણ હું કરી શકું એમ છું એમ પાછા લખે છે. અત્યારે હું સર્વસંગપરિત્યાગ કરું તો કાંઈ મારા પરિણામ બગડે એવું નથી. કે ભાઈ ! મેં કુટુંબ છોડ્યું તો મારા પરિણામ કુટુંબ બાજુના ખેંચાશે એવું કાંઈ નથી. એટલી તૈયારી છે. તો પણ મને એવું લાગે છે કે અમુક કેટલાક પ્રકારના પૂર્વ કર્મો છે એ વેદ્યા વિના મને સર્વસંગપરિત્યાગની પરિસ્થિતિ દેખાતી નથી. તો હજી મને એમ લાગે છે કે લગભગ પાંચ-છ વર્ષ નીકળી જશે. આ પોતે ત્રીસમાં વર્ષે લખે છે. ૭૦૮મો પત્ર છે એટલે ત્રીસમું વર્ષ ચાલે છે એમને અને છએક વર્ષની એમણે ગણતરી મૂકી છે કે છત્રીસમેં વર્ષે એમને મુનિદશા આવશે.

હવે Actually ૩૩ વર્ષ, પાંચ મહિના અને વીસ દિવસનું જ આયુષ્ય છે. ચૈત્ર વદ પાંચમ એટલે ચૈત્ર મહિનાના વીસ દિવસ થયા. ફાગણ મહિને પાંચ મહિના પૂરા થાય. છઠ્ઠા મહિનાના વીસમે દિવસે એમને દેહ ત્યાગ થયો છે. અને એમણે અંદાજ મૂક્યો છે છ વર્ષનો. એટલે પોતાનું આયુષ્ય કેટલું છે એના ઉપર ઉપયોગ નથી ગયો. નહિતર એમને તો થોડુંક જ્યોતિષનું પણ જ્ઞાન હતું. દેહલિંગજન્ય પણ જ્ઞાન હતું. એ 'જેઠાભાઈ'નું એમણે મૂક્યું હતું. તો પંદર દિવસનો ફર્ક પડ્યો એમને. અને 'સોભાગભાઈ'નો પણ એમને ખ્યાલ આવી ગયો હતો એટલે એમને એ સ્થિતિમાં પણ 'ઈડર' લઈ ગયા હતા અને પછી એકલા મૂકી દીધા અને બહુ વ્યવસ્થિત રીતે બધું કામ થયું.

હવે એ જે એમની ચર્ચા છે એ બહુ ઊંડાણવાળી ચર્ચા છે. ધ્યાનથી એના ઉપર જો વિચાર ચાલે તો જે પૂર્વકર્મનો એમને ખ્યાલ આવે છે કે આ કર્મો વેદ્યા વિના બીજો ઉપાય નથી, તો એ કર્મોના ઉદયમાં એ ફેરફાર કરવાના બદલે પુરુષાર્થની ઉગ્રતામાં આવે છે. હવે એ ખ્યાલ જ્ઞાનદશામાં જે આવે છે એ શ્રુતજ્ઞાનનો ઘણો ઊંડો વિષય છે. એ પોતાને ખબર પડી જાય છે કે હજી આ આટલા કર્મો, આટલા વર્ષો સુધી ચાલી જશે એવું દેખાય છે અને એ વેદ્યા વિના, ભોગવ્યા વિના સર્વસંગપરિત્યાગની દશા દેખાતી નથી, બાહ્યત્યાગની સ્થિતિ દેખાતી નથી. નહિતર પોતે સમર્થ છે અને મુનિદશામાં આવે એવી પોતાની શક્તિ ઘણી છે.

ઉદયને જોઈને પોતે આકુળતા નથી પામતા, તેમ ઉદયમાં રુચિ પણ નથી. ઉદયમાં એમને રુચિ પણ નથી અને ઉદયમાં રહ્યા-રહ્યા ઘણી નિર્જરા કરે છે. અંદરનો પુરુષાર્થ ઘણો તીવ્ર રહે છે. એટલે એકાદ ભવમાં તો મોક્ષમાં ચાલ્યા જશે. એ બુહ ઊંડો વિષય છે. સામાન્ય ગણતરીમાં કોઈને ન સમજાય એવો વિષય છે. પુરુષાર્થના પ્રકારોને જે સમજતા હોય એને ખ્યાલ આવે એવો વિષય છે. ઘણા મહાત્માઓએ એવું કામ કર્યું છે.

'રામચંદ્રજી' ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ હતા. બાહ્ય ઉદયોના ચડાવ-ઉતાર ઘણા આવ્યા છે. સીતાહરણથી

માંડીને 'રાવણ'ના યુદ્ધથી માંડીને 'લક્ષ્મણજી'નો દેહત્યાગ થયો. બાહ્ય પરિસ્થિતિ ઘણી ચિત્ર-વિચિત્ર ચાલી છે દેખત રીતે સારી ન દેખાય એવી. એક જ્ઞાની, સમર્થ જ્ઞાનીપુરુષને અથવા એ 'રામચંદ્રજી'તો એક યુગપુરુષ કહેવાય એવા પુરુષ હતા, જેમના નામે આટલો મોટો સંપ્રદાય આજે ચાલે છે. એ 'લક્ષ્મણજી' પાછળ અને 'સીતાજી' પાછળ લોકો પાગલ કહે એવા જ પરિણામ એમના બાહ્યમાં હતા. સાડા સત્તર હજાર વર્ષ તો એમણે 'રાવણ'ની સાથે યુદ્ધ કર્યા પછી 'અયોધ્યા'માં આવીને રાજ કર્યું છે. સત્તરહજાર અને પાંચસો વર્ષ સુધી તો રાજ કર્યું છે અને છતાં એ ભવે મોક્ષે ગયા છે. બીજો ભવ નથી થયો. રાજકાજ ભોગવ્યા પછી.

આ લોકોને હિન્દુના 'રામાયણ'માં તો એમ આવે છે કે એમને એક જ પત્ની હતી–'સીતા'. પણ આપણા જૈન 'રામાયણ'માં તો એવું નથી. જૈન 'રામાયણ'માં તો એમને રાણીવાસમાં...

મુમુક્ષુ :– 'રામચંદ્રજી'નું મૃત્યુ બતાવ્યું છે ?

પૂજ્ય ભાઈશ્રી :– કોણે ? એ લોકોએ નથી બતાવ્યું અને આપણે પણ નથી બતાવતા. એ લોકો તો ભગવાનનો અવતાર માને છે એટલે મૃત્યુનો સવાલ નથી. હિન્દુ લોકો તો ચોવીસ અવતારમાંથી એ પરમેશ્વરનો અવતાર જ માને છે. પણ આપણે તો એમને એ ભવે મોક્ષે જ ગયા અને અત્યારે પણ સિદ્ધાલયમાં એમનો આત્મા બિરાજે છે એવી જ રીતે આપણું પુરાણ પણ એમ જ બોલે છે.

મુમુક્ષુ :–

પૂજ્ય ભાઈશ્રી :– હા, ત્યાં એવું આવે છે. હિન્દુ 'રામાયણ'માં એ રીતે આવે છે. જ્યારે આપણા જૈન 'રામાયણ'ની અંદર તો એ પોતે મુનિદીક્ષા અંગીકાર કરે છે અને પોતે શ્રેણી માંડીને કેવળજ્ઞાન લે છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે, અરિહંતદશાની પ્રાપ્તિ કરીને પછી સિદ્ધાલયમાં ગયા છે. એ રીતે છે.

અલબત્ત સાધનાનો વિષય ઊંડો બહુ છે એમ. કહેવાનો મતલબ એટલો છે. સાધનાનો વિષય ઊંડો બહુ છે. સામાન્ય માણસો આંગળીને વેઢે ગુણસ્થાન ગણે અને એના ઉપર કોઈનું માપ કાઢે–સાધનાનું, એવી રીતે નથી હોતું. જો કે મુમુક્ષુની ભૂમિકામાં એટલી સમજણ આવવી પણ મુશ્કેલ છે અને એવી રીતે મુમુક્ષુની ભૂમિકામાં ઉપરના ગુણસ્થાનવાળાનું Judgement લે તો બહુભાગે તો અશાતના જ થાય. કેમ કે એવા મહાત્માઓને સાધનાનો Judgement લેવાની Capacity કે કોઈ યોગ્યતા મુમુક્ષુની હોતી નથી. મુમુક્ષુને નથી હોતી.

જ્ઞાનદશા પ્રાપ્ત થયા પછી તો શું છે કે કેવળજ્ઞાન સુધીનું જ્ઞાન થઈ જાય છે. કેવળજ્ઞાનનું સ્વરૂપ પણ સમ્યગ્દર્શન થતા ભાસ્યમાન થાય છે. કેમ કે નવેય તત્ત્વનું જ્ઞાન થયું ને ? તો નવેય તત્ત્વનું ભાવભાસનપૂર્વક જ્ઞાન થાય છે. સમ્યગ્દષ્ટિને નવે તત્ત્વનું જ્ઞાન છે કે ભાવભાસન છે. મોક્ષ કેવો હોય ? મુનિદશા કેવી હોય ? સાધના કેવી હોય ? એ રીતે જ્ઞાન થાય છે. ભાવભાસન આવે છે.

૨૪૩ નંબરનો પ્રશ્ન છે. 'સ્વાનુભૂતિદર્શન' પાનું ૧૪૭.

પાત્ર જીવના મુખ્ય લક્ષણો. પાત્ર જીવ એટલે મુમુક્ષુની પાત્રતાનો વિષય છે. એના મુખ્ય લક્ષણો કેવા હોય ? એવો પ્રશ્ન પૂછ્યો છે. ઉત્તરમાં કહે છે...

**'પાત્ર શિષ્ય હોય તેને અંતરથી આત્માની જ લગની લાગી હોય કે મારે એક ચૈતન્ય જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી.'** સવારે આ વાત આપણે થઈ હતી કે જેને એક આત્મા જોઈએ છે–પોતાનું સ્વરૂપ જ જોઈએ છે અને જગતમાંથી હવે કાંઈ જોઈતું નથી. એની પાછળ સમજણ એવી છે કે પરિભ્રમણ કરતા એવા આપણા આત્માને દરેક પ્રકારના પુણ્યના ફળ મળી ચૂક્યા છે અને દરેક પ્રકારના પાપના ફળ પણ મળી ચૂક્યા છે. પંચપરાવર્તનમાં કોઈ વાત બાકી નથી રહી. હવે શું લેવું છે તારે ? જગતમાંથી જે મળવું હતું એ બધા સંયોગો તને મળી ચૂક્યા. તારા આત્મામાં શું આવ્યું ? કે તું તો કોરો ને કોરો રહ્યો. આ એક પરિસ્થિતિ છે.

હવે બાકી રહ્યું છે એક આત્મકલ્યાણ કરવું બાકી રહ્યું છે. એટલે એ આત્મકલ્યાણની અંતરની જે ભાવના

ઉત્પન્ન થઈ ત્યાંથી પાત્રતા શરૂ થઈ અને એ ભાવના કોઈપણ જીવને ગમે ત્યારે પણ ઉત્પન્ન થઈ શકે. એવો કોઈપણ નિયમ નથી કે પહેલા આમ થયું હોય તો જ આ ભાવના ઉત્પન્ન થાય. શાસ્ત્ર વાંચ્યું હોય તો થાય કે ન થાય એવું કાંઈ નથી. કોઈ વ્રત, નિયમ અને ઉપવાસ કર્યા હોય તો થાય એવું કાંઈ નથી. પૂજા ભક્તિ કરી હોય કે ન કરી હોય એની સાથે નિયમ નથી. દયા-દાન કર્યા હોય કે ન કર્યા હોય. કાંઈ એનો નિયમ નથી.

કોઈપણ જીવને કોઈપણ કાળે જ્યારે આ ભાવના ઉત્પન્ન થાય કે અનંતકાળથી હું રખડ્યો, હવે આ રખડપટ્ટી મને પોસાતી નથી. મારે હવે છૂટી જવું છે. આ પરિભ્રમણથી, આ જન્મમરણથી અને સંસારના દુઃખોથી મારે છૂટી જવું છે. ગમે ત્યારે એ ભાવના થઈ શકે કોઈપણ જીવને. જ્યારે થાય ત્યારે તત્કાળ પાત્રતાનો જન્મ થાય છે. ઉધાર નથી આમાં કે આ પરિણામ થયા અને એનું ફળ પછી બીજા ભવમાં આવશે. એવું પણ નથી. એ જ વખતે એ જીવને પાત્રતા પ્રગટ થાય છે.

હવે જ્યાં પાત્રતા પ્રગટ થઈ એટલે એની સુવિચારણા ચાલુ થઈ. એ 'કૃપાળુદેવે' આત્મસિદ્ધિમાં સુવિચારણા કહી. તો એનું લક્ષણ શું ? કે **'તેને દરેક કાર્યમાં આત્માનું જ પ્રયોજન હોય છે. બીજું બધું પ્રયોજન તેને ગૌણ થાય છે.'** એટલે જે કાંઈ ઉદયોમાં આવે એમાં એ જોવે કે મારા આત્માને આમાં લાભ-નુકસાન શું ? આ ઉદયમાં મારા આત્માને લાભ-નુકસાન શું ? રસ લઈએ તો નુકસાન. માટે મારે રસ લેવો નથી. કર્યા વગર ચાલે એવું નથી. એ તો કરવું પડે છે. એ પૂર્વકર્મની સજા ભોગવવી છે. સજા ભોગવવામાં આમ પણ આનાકાની કરવી નથી. કેમ કે અપરાધ મારો કરેલો છે. તો પૂર્વકર્મના ઉદયને અનુસરે છે અને એ તો જ્ઞાનીઓ પણ અનુસરે છે અને એ પોતે પણ અનુસરે છે. બસ. એને પ્રયોજન આત્માનું રહે છે. મારા આત્માને નુકસાન ન થાય અને લાભ થાય એ દૃષ્ટિકોણ છોડ્યા વગર એ ઉદયમાં પ્રવૃત્તિ કરે છે.

સવારે આપણે દૃષ્ટાંત લીધું હતું. કે કોઈને પ્રવૃત્તિ કર્યા વગર ચાલે એવું નથી તો એને કરવી પડે છે એમ સમજીને કરે છે. પણ ચાલે એવું છે તો એ મૂકી દે છે કે મારે શું પ્રયોજન છે ? મારે કાંઈ જરૂર તો છે નહિ પછી શા માટે કરવું ? એમ.

**'આત્માને એકને મુખ્ય રાખીને તેનાં દરેક કાર્યો હોય છે.'** આ સુવિચારણાનું લક્ષણ છે. દરેક કાર્યમાં આત્માને મુખ્ય રાખે છે. જમે છે, ખાય છે તો પણ એને એ જ વાત યાદ આવે છે કે આત્માને તો ખરેખર જરૂર નથી પણ પરિણામને સ્થિતિસ્થાપક રાખવા પૂરતી આ વાત છે. પરિણામનું Balance કહો કે સ્થિતિસ્થાપકપણું કહો, એટલા પૂરતી આ વાત છે. પૂર્વના એ પ્રકારના સંસ્કાર છે અને આહારસંજ્ઞા આ ભૂમિકામાં ટળે એવું છે નહિ. આહારસંજ્ઞા તો આઠમા ગુણસ્થાન પછી ટળવાની વાત છે. મુનિદશામાં પણ આહાર લેવાની પરિસ્થિતિ ઊભી થાય છે તો મુમુક્ષુને તો સવાલ જ નથી. પણ એનો અર્થ એમ નથી કે એણે એમાં રસ લેવો. અને આહારસંજ્ઞા મટે એવું નથી. માટે કાંઈ વાંધો નહિ એમ પણ નથી. એ પોતાના પ્રયોજનનું વિસ્મરણ નથી થતું. પોતાનું પ્રયોજન બરાબર એને સ્મૃતિમાં રહે છે–જાગૃતિમાં રહે છે.

એટલે **'આત્માને એકને મુખ્ય રાખીને તેનાં દરેક કાર્યો હોય છે. શુભભાવનાં કાર્યોમાં પણ તેને એક આત્માનું પ્રયોજન હોય છે,...'** શુભયોગના કાર્યો આવે. સ્વાધ્યાય, પૂજા, ભક્તિ, દયા-દાન, યાત્રા ગમે તે હોય પણ પ્રયોજન એમાં એક આત્માનું છે, શુભભાવનું પ્રયોજન નથી, પુણ્ય બાંધવાનું પ્રયોજન નથી.

**'બીજું બહારનું કોઈ પ્રયોજન તેને હોતું નથી.'** જુઓ ! આ પાત્રતાના લક્ષણમાં 'બહેનશ્રી'એ સુવિચારણા લીધી છે. **'શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવના કેમ થાય તેવા ભાવ આવે છે...'** એટલે કે ધર્મની પ્રભાવના કેમ થાય એવા ભાવ પણ મુમુક્ષુની ભૂમિકામાં આવે છે. **'અને આત્માનું પ્રયોજન સાથે હોય છે.'** પછી એ પ્રવૃત્તિમાં એવી રીતે નથી જોડાતો કે પોતાનું પ્રયોજન ખોઈ બેસે. દેવ-ગુરુ-શાસ્ત્ર અથવા ધર્મ પ્રભાવનાના કાર્યો જે હોય છે એ કાર્યોની અંદર શુભભાવથી જોડાવાનું

થાય પણ આત્માના પ્રયોજનને લક્ષમાં રાખીને.

**'આત્માનું પ્રયોજન સાથે હોય છે, બીજું કોઈ પ્રયોજન હોતું નથી.'** એમાં કોઈ બીજું પ્રયોજન હોતું નથી એટલે શું છે કે ધર્મપ્રભવનાના કાર્યો કરે એટલે એક સામાજિક પરિસ્થિતિ ઊભી થાય છે એની અંદર અને પ્રભાવનાના કાર્યોમાં તો સમાજના Stage ઉપર આવવું પડે છે અને એની અંદર મોટાભાગના માણસો ચૂકે છે. એટલે આખો Motive બદલાઈ જાય છે. પ્રવૃત્તિનો Motive એમાં માન, સ્થાન આ બધું ઊભું થઈ જાય છે. અને ત્યાંથી લપસે છે પાછો.

જ્યારે પાત્ર જીવ હોય છે એને બીજું કાંઈ પ્રયોજન હોતું નથી. કોઈ પ્રયોજન નહિ. મારે મારા આત્મકલ્યાણ સિવાય કાંઈ પ્રયોજન નથી. એટલા માટે આ ધર્મ વીતરાગધર્મ છે એ ફેલાય, અનેક જીવોને લાભ થાય એના માટે જે કંઈ કરી છુટવું પડે એ કરી છૂટે છે. આથી વધારે બીજું કાંઈ લક્ષમાં રાખ્યા વિના પ્રવૃત્તિ કરે છે. બીજું કાંઈ પ્રયોજન હોતું નથી.

**'લૌકિક પ્રયોજનથી અત્યંત ન્યારો હોય છે.'** લૌકિક પ્રયોજનને બિલકુલ દૂર રાખે છે. ઘણા લોકો આની અંદર સામેલ થાય એથી મારે કાંઈ નિસ્બત નથી. કોઈની સાથે મારે કાંઈ નિસ્બત નથી. જેની યોગ્યતા હોય, જેને જે પ્રમાણે એનો લાભ મળવાનો હોય એ મળો. આપણે પોતાના આત્મકલ્યાણને મુખ્ય રાખીને થવા યોગ્ય હોય તે થાય, ન થવા યોગ્ય હોય તે ન થાય. જાવ ન્યારોને ન્યારો. અંદરથી છૂટો ને છૂટો રહે.

અથવા આટલી અર્પણતા કરી છે માટે કોઈ અધિકાર છે એ વાત પણ ત્યાં રહેતી નથી. નહિતર એ વાત આવીને ઊભી રહે કે અમે તો આટલી બધી અર્પણતા કરી છે માટે અમારો અધિકાર છે. કાંઈ નહિ ને. અમે અમારા આત્મકલ્યાણને લક્ષમાં રાખીને ધર્મ પ્રભાવનાની ભાવના ભાવી હતી, જે થવાનું હતું તે થયું, આથી વધારે અમારે કોઈ નિસ્બત નથી. થયું એની સાથે નિસ્બત નથી અને ન થાય એની સાથે પણ નિસ્બત નથી.

મુમુક્ષુ :- હમ ઉદય કે ટાઈમ બેલેન્સ નહિ રખ પાતે ચૂક જાતે હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, તો ગડબડ હો જાતી હૈ.

મુમુક્ષુ :- તો ઉસ સમય ક્યા કરના ?

પૂજ્ય ભાઈશ્રી :- બસ ! એક હી લક્ષ રખના હૈ. મુઝે મેરે આત્મકલ્યાણ કે સિવા કોઈ પ્રયોજન મેરા નહિ હૈ. પ્રયોજન કા દૃષ્ટિકોણ છૂટ ગયા, ખતમ હો ગઈ બાત. મુમુક્ષુતા પ્રાપ્ત હોનેમેં ઔર મુમુક્ષુતા વર્ધમાન હોને મેં એક હી Point હૈ ઇસકા, એક હી Master key ઇસકી કિ હમકો મેરા આત્મકલ્યાણ કરના હૈ ઇસકે સિવા કુછ નહિ કરના હૈ. ઔર જો ભી કુછ કરના હૈ તો ઉસકો મુખ્ય રખ કરકે કરના હૈ, બસ ! વહ ચૂકેગા નહિ, વહ ભૂલેગા નહિ. વરના ભૂલ હો જાયેગી. કહીં ભી Balance out હો જાયેગા.

**'લૌકિક પ્રયોજનથી અત્યંત ન્યારો હોય છે. તેને તો એક આત્માની જ લગની લાગી છે;...'** આ એક એવી પરિસ્થિતિ છે કે એ પોતે પોતાના આત્મકાર્યની પાછળ એક લગનથી, એક નિષ્ઠાથી, એક લયથી લાગે છે એને લગની કહે છે. એ બીજા આડાઅવળા ઘણા પરિણામો નહિ ઉત્પન્ન થવાનું કારણ છે. સવારે જ Walking માં અમારે ચર્ચા ચાલી હતી. ભાઈ ! આવા પરિણામ થાય, આવા પરિણામ થઈ જાય.. આવા પરિણામ થઈ જાય છે, શું કારણ છે ? કે પોતાની લગની નથી લાગી એટલે. પોતાના કામે લાગી ગયો. એને કેટલાક આડાઅવળા પરિણામ ઉત્પન્ન થવાને Scope જ નથી, જગ્યા જ નથી. કેમ કે એ પોતાના કામમાંથી નવરો થાય ત્યારે બીજું કરે ને ? નવરો હોય એ ગડબડ કરી બેસે છે. પોતાના કામ નથી કરતો અને નવરો છે એટલે બીજી બાજુ પરિણામ ભાગદોડ કર્યા કરે છે.

મૂળ તો શું છે અંદરમાં ઉદય છે એમાં જોડાય છે. ઉદય તો બધાને ચાલુ જ છે. આને લગનીવાળાને શું છે ? કે ઉદયમાં જોડાતો નથી, એ લગનીમાં જોડાયેલો રહે છે. આપણે 'લોસએન્જલસ'માં એક વાત થઈ હતી સવારે ફરવા નીકળા ત્યારે કે મોક્ષમાર્ગ અનઉદય પરિણામે છે. અનઉદય પરિણામ છે અને

મુમુક્ષુની ભૂમિકામાં અનઉદય પરિણામ ચાલુ થાય એ આવી જાતના થાય છે. જ્યારથી વેદના શરૂ થાય, લગની લાગે ત્યારથી એને અનઉદયભાવો ચાલુ થઈ જાય છે. ઉદયમાં એ સહેજે સહેજે જોડાતો નથી. કેમ કે એ પોતાના કામે લાગેલો રહે છે. બસ ! આ કામ એ જાતનું છે.

ઉદયમાં જોડાણો એટલે બંધાણો. બંધ ક્યાં પડ્યો ? ઉદયમાં જોડાણો એટલે. ઉદયમાં ન જોડાણો એટલે નવો બંધ આવતો અટક્યો. પછી આ ભલે મોક્ષમાર્ગના પરિણામ નથી મુમુક્ષુતામાં પણ એને જે બંધ પડે છે એ એવા પ્રકારનો પડે છે કે જેમાં મોક્ષમાર્ગમાં આગળ વધવાની સાનુકૂળતાઓ જ બધી એને મળ્યા કરે. એને સત્પુરુષનો યોગ મળે, સત્સંગ વિશેષ મળે, એને તીર્થંકરાદિના સમવસરણ મળે અને એ બધું એ જ પ્રકાર થાય.

અહીંયાં અત્યારે તીર્થંકરદેવનો જમાનો ૨૫૦૦ વર્ષ પહેલા પૂરો થઈ ગયો. હવે કોઈ ૨૫ મા તીર્થંકર કાંઈ થાય નહિ. હવે તો આવતી ચોવીસમીએ વાત ગઈ. છેક ચોથા આરામાં. આયુષ્ય તો ૫૦-૧૦૦ વર્ષમાં અહીંયાં પૂરું કરવાનું છે બધાને. એટલે પેલી તો હજારો વર્ષ પછીની વાત છે. અહીંથી ભાવના લઈને (સ્વર્ગમાં જાય તો) ત્યાં તો સીધી યુવાન અવસ્થા છે. એટલે અમુક વર્ષ પછી એને હાલવા-ચાલવાનું થાય એવું કાંઈ છે નહિ. એ તો સીધો ઉપયોગ મૂકે. અવધિજ્ઞાની ત્યાં હોય છે એ ઉપયોગ મૂકે. ક્યાંથી આવ્યો ? શું થયું ? કઈ ભાવનાથી આ દેવપદ મળ્યું ? કેવા પ્રકારના ભાવ થયા હતા ત્યારે અહીંયાં આવવાનું થયું ? પછી એને એની ભાવના સાથે અનુસંધાન થઈ જાય કે ચાલો. કરોડો દેવો સમવસરણમાં જાય છે એ પોતે પણ ચાલ્યો જાય. હવે એનું કારણ શું છે ? કે અહીંયાં એને એ જ પ્રકારના બધા ભાવો થયા છે. ઉદયમાં નથી જોડાણો. આત્મામાં પણ જોડાણો નથી. કેમ કે આત્માનો હજી પત્તો મુમુક્ષુને લાગ્યો નથી. ઉદયમાં જોડાણો નહિ, અનઉદય પરિણામ થયા. બીજા જે પરિણામ થયા એમાં આ પરિસ્થિતિ ઊભી થાય. આત્મામાં જોડાણ થવાના બધા પ્રકારો ઊભા થાય એને અને એ જીવ મોક્ષમાર્ગમાં આવી જાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી ! સંસાર

પૂજ્ય ભાઈશ્રી :- સંસાર કી રુચિ નહિ રહી ન. સંસાર કી રુચિ રહી નહિ. સંસાર કી રુચિ નહિ રહને સે આત્મરુચિ મેં જો ભી શુભભાવ હોગા, એક તો શુભભાવ હોગા ઉસકે ફ્લ મેં ઉસે ઇસ પ્રકાર કા સંયોગ મિલેગા ઔર આત્મરુચિ કે ફ્લમેં ઉસકા મિથ્યાત્વ મંદ હોગા. મતિજ્ઞાન મેં આત્મહિત કા વિવેક જાગૃત હો જાયેગા ઔર કષાયરસ મંદ હો જાયેગા.

મુમુક્ષુ :- હમારા પ્રશ્ન યહ હૈ કી જો ભી ઉદય આતા હૈ તો લક્ષ ચૂક જાતા હૈ ઔર...

પૂજ્ય ભાઈશ્રી :- જુડ જાતા હે.

મુમુક્ષુ :- અભિપ્રાય

પૂજ્ય ભાઈશ્રી :- અભિપ્રાય મેં એક બહુત સીદી-સાદી Simple બાત હૈ કી હમકો જૈસે-તૈસે ભી આત્મકલ્યાણ કરના હૈ. હમારા કોઈ દૂસરા પ્રયોજન નહિ હૈ. સંસાર મેં ભી હમારા દૂસરા પ્રયોજન નહિ હૈ ઔર ધાર્મિક ક્ષેત્ર મેં ભી હમારા કોઈ દૂસરા પ્રયોજન નહિ હૈ. હમકો એક હી પ્રયોજન હૈ કિ હમકો હમારા આત્મકલ્યાણ (કરના હૈ). જો ભી હમારે હાથમેં મનુષ્યભવ કા શેષ કાલ હૈ, શેષ જીવન હૈ ઉસમેં વહી કર લેના હૈ. બસ ! ઉસકી લગન લગી તો ઔર સબ દૂસરે દૂસરે પરિણામ તો સ્વતઃ પૈદા હી નહિ હોંગે. બસ ! ઇસસે બઢિયા કોનસી બાત હૈ ? અપને આપ હૈ વહ બાત.

મુમુક્ષુ :- આત્મા કા અવલંબન નહીં હૈ તબ તક તો ...

પૂજ્ય ભાઈશ્રી :- અવલંબન આત્મા કા આવે વહ તો આગે કી બાત હૈ તો ઇસકે પહલે આત્મકલ્યાણ કી ભાવના કા અવલંબન રહતા હૈ. આત્મકલ્યાણ કી જો ભાવના હૈ ઉસ ભાવના કી તીવ્રતા રહતી હૈ તો પ્રાથમિક ભૂમિકા મેં વહી કામ કરતા હૈ. ફિર આત્મા કા જબ ભાવભાસન હોતા હૈ તો આત્મા કા અવલંબન આતા હૈ. તો વહ તો આગે જા કરકે આયેગા.

મુમુક્ષુ :– શુરૂઆતમેં ?

પૂજ્ય ભાઈશ્રી :– શુરૂઆતમેં તો ભાવના કા બલ હોના ચાહિયે કિ હમકો એક આત્મકલ્યાણ કર લેના હૈ. દૂસરી હમારી કોઈ ભાવના નહિ હૈ. ઉસ ભાવના કે વશાત્ જો ભી કરના હૈ વો કરના હૈ, બસ ! ઇસકી લગની હૈ વહ દૂસરે પરિણામ કો ઉત્પન્ન નહિ હોને દેગી. યહ ફાયદે કી બાત હૈ. લગન લગની ચાહિયે, બસ !

યહ બાત વે અપને અનુભવ સે કરતી હૈં. પંદ્રહ સાલ કી ઉમ્રમેં ઉનકો લગન લગી. દેખા કિ ઇધર પરિસ્થિતિ હૈ નહીં. સત્સંગ હી નહીં હૈ તો આત્મકલ્યાણ કૈસે હોગા ? તો એક સત્સંગ જુટાનેને કે લિયે ઉન્હોંને ગૃહત્યાગ કર દિયા. એ એમનું Dresting step છે. એટલી હિંમતથી એમણે ઘર છોડ્યું છે. પંદર વર્ષની ઉંમરે કોઈ છોકરી ઘરેથી ભાગે એટલે એની હિંમત કેટલી કહેવાય !! અને એ જમાનામાં. આજથી ૮૦ વર્ષ પહેલાની વાત છે. એમણે એક જ નક્કી કર્યું હતુ કે હવે મારે આત્મકલ્યાણ સિવાય બીજું કાંઈ કરવું નથી. અહીંયાં ‘કરાંચી’માં એ પરિસ્થિતિ છે નહિ કે સત્સંગ મળે. કોઈ સાધુ-સંત મળે, કોઈ ગુરુ મળે. ચાલ્યા આવ્યા કાઠિયાવાડમાં પાછા.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– લગની હોની ચાહિયે.

મુમુક્ષુ :– કોની વાત કરી ?

પૂજ્ય ભાઈશ્રી :– આ ‘બહેનશ્રી’ની. ‘ચંપાબહેન’ છે એમની આ ચર્ચા છે.

મુમુક્ષુ :– સોનગઢમાં ?

પૂજ્ય ભાઈશ્રી :– હા ‘સોનગઢ’માં. એમણે પંદર વર્ષની ઉંમરે ઘર છોડી દીધું હતું. આમ તો પહેલા તો નાની ઉંમરમાં લગ્ન થઈ જતા હતા એટલે ચૌદ વર્ષની ઉંમરે એમના લગ્ન થઈ ગયા હતા. પણ એમણે સાસરે રહેવાની ના પાડી હતી. અને એ જમાનામાં એવું હતું કે કોઈ કોઈને એવું બને છે કે નાની ઉંમરમાં લગ્ન થાય અને ન રહે તો એક-બે વર્ષ એને પિયર મૂકી દે પછી એને સાસરે મોકલે. એટલે એની માનસિક પરિસ્થિતિ ઉપર એ જાતની ગોઠવણી હોય છે. એટલે ત્યાં એમના મોટા બહેન રહેતા હતા. એક જ બિલ્ડિંગમાં હતા. ગ્રાઉન્ડ ફ્લોરમાં એમનું સાસરું હતું અને બીજે-ત્રીજે માળે એમના મોટા બહેન રહેતા હતા. મધર તો નાનપણમાં ગુજરી ગયા હતા અને ફાધર અહીંયાં દેશમાં ‘વઢવાણ’માં રહેતા હતા. ફાધર અને ભાઈઓ અને એ બધા. બે ભાઈઓ. અને બીજા બહેનો નાના-મોટા હશે. આ પોતે ‘કરાંચી’માં બહેનને ત્યાં રહેવા માંડ્યા. પછી એમના વિચારો આત્મકલ્યાણ બાજુના થઈ ગયા. પરિસ્થિતિ અનુકૂળ ન જોઈ. એટલે બહેનનું ઘર પણ છોડી દીધું. જો બહેનના ઘરે રહે તો પરાણે સાસરે જવાની પરિસ્થિતિ ઊભી થવાની હતી. અને પછી તો સંસારમાં ફસાઈ ગયા એટલે ફસાઈ ગયા. એટલે એમણે એક નિર્ણય લઈ લીધો કે ‘કરાંચી’માં રહેવું જ નથી. અને એ રીતે સીધી રીતે તો કોઈ હા પાડે એવું હતું નહિ. કેમ કે લગ્ન થઈ ગયા હતા. એટલે ઘર છોડીને નીકળી ગયા. પહેરે કપડે ગાડીમાં બેસી ગયા. દોઢ દિવસની મુસાફરી કરી ખાધા-પીધા વિના. એકલા કોઈ દિવસ ઘર બહાર નીકળેલા નહિ. સ્ટેશન જઈને ટિકિટ કેવી રીતે લેવી એ ખબર નહોતી. પૈસા પાસે નહોતા પણ તે દિવસે એમને શું થયું ? મોટા બહેન પાસે પૈસા માગ્યા કે મને થોડાક રૂપિયા આપોને. એટલે એણે વળી પૂછ્યું નહિ કે તારે શું કરવા છે રૂપિયા ? આ લે. એમણે ટિકિટ માટે પૈસા લીધેલા.

લગભગ દસ અગિયાર-બાર વાગ્યાનો ટાઇમ હશે ટ્રેનનો. અને એ ઘરે રોટલી વણતા હતા. ઘડિયાળ સામું જોતા હતા કે ક્યારે નીકળવું ? ક્યારે નીકળવું ? કોઈની હાજરીમાં તો નીકળવા દે નહિ. એકાંત ગોતતા હતા. એમાં બરાબર મોકો મળી ગયો. રોટલી વણતા વણતા ભાગ્યા છે. સીધા સ્ટેશન ગયા. બહાર નીકળ્યા તો એમ થયું કે ટાઈમ તો થઈ ગયો છે જરા ઉતાવળા ઉતાવળા ચાલતા હતા, ઘોડાગાડી કરી લઈ. બધા મુસલમાન ઘોડાગાડીવાળા એને એમ થયું ભઈ ! કોણ કેવો માણસ હોય ? નાની ઉંમર છે. એટલે વિશ્વાસ ન આવ્યો. ઘોડાગાડીમાં ન બેઠા. ઉતાવળે-ઉતાવળે ચાલીને સ્ટેશને

પહોંચી ગયા. ગાડીના ટાઈમે પહોંચી ગયા. ત્યાં વળી કોઈ ગુજરાતી વૃદ્ધ માણસ couple હતું તો એમને એમ થયું કે એ લોકો લાઈનમાં ઊભા છે લાવને એને જ કહી દઉં. એટલે પેલા બહેનને કહે, કાકી ! જરા મારા કાકાને કહોને મારી ટિકિટ લે 'વઢવાણ'ની. આ લ્યો આ રૂપિયા. એમ કરીને ટિકિટ લેવડાવી લીધી. એ લોકો કાંઈક કાઠિયાવાડમાં જ આવવાના હશે. એટલે એની સાથે ડબામાં બેસી ગયા. પેલા લોકો ખાવા પીવાનો આગ્રહ કરે પણ કાંઈ લે નહિ. મને કાંઈ નથી લેવું. મારી ઇચ્છા નથી. મને ભૂખ લાગી નથી. મારી ઇચ્છા નથી. એમને એમ બેસી રહે, રાત અને દિવસ. ચિંતા એ થઈ કે 'વઢવાણ' ગાડી રાતના બાર વાગે આવે. આ બધી વાત એમણે મોઢે મને તો વાત કરેલી છે.

મેં પૂછ્યું હતું જરા. મેં કીધું, આ તમે પંદર વર્ષની ઉંમરે તમારો સ્વભાવ સાવ નરમ છે, કોઈ માથાભારે છોકરી હોય અને ગમે તે પગલું ભરે, તમે તો સાવ એવા ઠંડા અને એવા નરમ પ્રકૃતિના છો અને તમે આટલું બધું સાહસ કર્યું ! તમારા વિચારોનું Background શું હતું આની પાછળ ? તો કહે, સત્સંગની ઇચ્છા બહુ તીવ્ર હતી, આત્મકલ્યાણની ભાવના હતી અને ત્યાં કાંઈ થાય એવું નહોતું એટલે પછી આ સિવાય બીજો રસ્તો નહોતો.

રાત્રે બાર વાગ્યે 'વઢવાણ' આવે અને 'વઢવાણ' ફરતો કિલ્લો છે એના દરવાજા બંધ થઈ જાય. શું કરવું ? સ્ટેશન પર તો રાત રહેવાય નહિ એકલા. કરશું શું ? શું કરવું ? શું કરવું ? શું કરવું ? એમ વિચાર થતો હતો. એમ થયું કે 'વઢવાણ' પહેલા 'સુરેન્દ્રનગર' આવે ત્યાં ઉતરી જવું અને ત્યાં ફઈબાનું ઘર છે. એકાદ કલાક વહેલા અગિયાર વાગે આવી જશે તો એના ઘરે ચાલ્યા જાવું. એમ વિચાર કરેલો.

હવે ત્યાં ઘરે 'કરાંચી' માં શું પરિસ્થિતિ થઈ ? કે ત્યાં ખબર પડી ગઈ કે આ ઘર છોડી દીધું છે અને આનો પત્તો નથી. એટલે એ લોકોએ સગાસંબંધીમાં બધે તાર કરી દીધા કે ભાઈ ! અહીંથી નીકળી ગઈ છે અને ત્યાં આવી છે એ અમને ખબર આપો. એટલે 'વઢવાણ' એમના પિતાશ્રીને ત્યાં તાર ગયો કે આ નીકળી ગઈ છે. એટલે એમને થયું કે આ આવે તો અહીંયાં, બીજે ક્યાંય જાય નહિ આ. જાય તોપણ અહીં બાપાના ઘરે જ આવશે. એમના પિતાશ્રી 'મહેસાણા' સામે ગયા. 'મહેસાણા' સુધી સામે ગયા. એકલી આવે છે, રાત પડી જશે. સાંજે એ 'મહેસાણા' સ્ટેશન ઉપર મળી ગયા. એટલે પછી એ કાંઈ મૂંઝવણ ન રહી કે રાતનું શું થશે ? પછી ઘરે લઈ ગયેલા. બસ ! ત્યારથી પછી એમણે નક્કી કર્યું કે હવે તમે મારા માટે કોઈ કાંઈ (કરશો નહિ), મારે તો ધાર્મિક જીવન જ ગાળવું છે. એમાં પછી 'ગુરુદેવ'નો યોગ મળી ગયો. ભાવના હતી તો જ્ઞાનીનો યોગ મળી ગયો. એ ઉદય એમને વહેલો આવ્યો. બહુ તીવ્ર ભાવના હતી. એટલે 'ગુરુદેવ' 'સોનગઢ'માં Settle થયા તો પોતે પણ 'સોનગઢ'માં Settle થઈ ગયા. એ પછી બીજે ક્યાંય રહ્યા નથી. 'સોનગઢ'માં ભાડે ઘર લઈને રહી ગયેલા. આશ્રમ તો પાછળથી બંધાણો. બહેનોનો આશ્રમ જે બન્યો છે શ્રાવિકા આશ્રમ છે. પહેલા તો પોતે ભાડે રહી ગયેલા. કુટુંબવાળાઓએ પણ એમને બહુ દખલ ન કરી. કે એમને જે કરતા હોય એ કરવા દ્યો. અને એ કુદરતી એ જાતની વ્યવસ્થા છે. ભાવના હોય તો વાંધો નથી આવતો.

**'લૌકિકનું, બહારનું કે મોટાઈનું કોઈ પ્રયોજન હોતું નથી.'** એ જે પ્રભાવનાના કાર્યો કરે એમાં કોઈ લોકમાં આબરૂ વધે એ લૌકિક પ્રયોજન હોતું નથી. કારણ કે એ તો કાર્યો કરે એટલે કામ કરે એને તો જશ પણ મળે અને ક્યારેક અપજશ પણ મળે. બંને મળે એ તો. પણ એ કાંઈ પ્રયોજન હોતું નથી. જશ મળે કે અપજશ મળે એની સાથે કાંઈ સંબંધ નથી. એ તો પોતાના કામમાં લાગેલા હોય છે.

**'બહારનું કે મોટાઈનું કોઈ પ્રયોજન હોતું નથી. મારા આત્માને કેમ લાભ થાય તે એક જ પ્રયોજન આત્માર્થીને હોય છે.'** બસ ! આ પાત્રતાનું સ્વરૂપ છે. **'શ્રી જિનેન્દ્રદેવ, જેમણે સાધના પ્રગટ કરી છે એવા ઉપકારી શ્રીગુરુ અને શાસ્ત્ર તેની કેમ પ્રભાવના થાય**

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા-૧૯ ઉપર)**




૪૬૫

મુંબઈ, શ્રાવણ વદ ૫, ૧૯૪૯

ૐ

પરમસ્નેહી શ્રી સોભાગ,

અત્રે કુશળક્ષેમ સમાધિ છે. થોડા દિવસ માટે મુક્ત થવાનો જે વિચાર સૂઝ્યો હતો, તે હજુ તેના તે સ્વરૂપમાં છે. તેથી વિશેષ પરિણામ પામ્યો નથી. એટલે ક્યારે અહીંથી છૂટા થવું, અને ક્યા ક્ષેત્રે જઈ સ્થિતિ કરવી, તે વિચાર હજુ સુધી સૂઝી શક્યો નથી. વિચારના પરિણામની સ્વાભાવિક પરિણતિ ઘણું કરી રહ્યા કરે છે. તેને વિશેષ કરી પ્રેરકપણું થઈ શકતું નથી.

ગઈ સાલના માગશર સુદ છઠે અત્રે આવવાનું થયું હતું ત્યારથી આજ દિવસપર્યંતમાં ઘણા પ્રકારનો ઉપાધિયોગ વેદવાનું બન્યું છે અને જો ભગવત્કૃપા ન હોય તો આ કાળને વિષે તેવા ઉપાધિજોગમાં માથું ધડ ઉપર રહેવું કઠણ થાય, એમ થતાં થતાં ઘણીવાર જોયું છે; અને આત્મસ્વરૂપ જેણે જાણ્યું છે એવા પુરુષને અને આ સંસારને મળતી પાણ આવે નહીં, એવો અધિક નિશ્ચય થયો છે. જ્ઞાનીપુરુષ પણ અત્યંત નિશ્ચય ઉપયોગે વર્તતાં વર્તતાં ક્વચિત્ પણ મંદ પરિણામ પામી જાય એવી આ સંસારની રચના છે. આત્મસ્વરૂપ સંબંધી બોધનો તો જોકે નાશ ન થાય, તથાપિ આત્મસ્વરૂપના બોધના વિશેષ પરિણામ પ્રત્યે એક પ્રકારનું આવરણ થવારૂપ ઉપાધિજોગ થાય છે. અમે તો તે ઉપાધિજોગથી હજુ ત્રાસ પામ્યા કરીએ છીએ; અને તે તે જોગે હૃદયમાં અને મુખમાં મધ્યમાં વાચાએ પ્રભુનું નામ રાખી માંડ કંઈ પ્રવર્તન કરી સ્થિર રહી શકીએ છીએ. સમ્યક્ત્વને વિષે અર્થાત્ બોધને વિષે ભ્રાંતિ પ્રાયે થતી નથી, પણ બોધના વિશેષ પરિણામનો અનવકાશ થાય છે, એમ તો સ્પષ્ટ દેખાય છે, અને તેથી ઘણી વાર આત્મા આકુળવ્યાકુળપણાને પામી ત્યાગને ભજતો હવો; તથાપિ ઉપાર્જિત કર્મની સ્થિતિને સમપરિણામે, અદીનપણે, અવ્યાકુળપણે વેદવી એ જ જ્ઞાની પુરુષોનો માર્ગ છે, અને તે જ ભજવો છે, એમ સ્મૃતિ થઈ સ્થિરતા રહેતી આવી છે. એટલે આકુળાદિ ભાવની થતી વિશેષ મુઝવણ સમાપ્ત થતી હતી.

આખો દિવસ નિવૃત્તિના યોગે કાળ નહીં જાય ત્યાં સુધી સુખ રહે નહીં, એવી અમારી સ્થિતિ છે. 'આત્મા આત્મા,' તેનો વિચાર, જ્ઞાનીપુરુષની સ્મૃતિ, તેના માહાત્મ્યની કથાવાર્તા, તે પ્રત્યે અત્યંત ભક્તિ, તેમના અનવકાશ આત્મચારિત્ર પ્રત્યે મોહ, એ અમને હજુ આકર્ષ્યા કરે છે, અને તે કાળ ભજીએ છીએ.

પૂર્વ કાળમાં જે જે જ્ઞાનીપુરુષના પ્રસંગો વ્યતીત થયા છે તે કાળ ધન્ય છે; તે ક્ષેત્ર અત્યંત ધન્ય છે; તે શ્રવણને, શ્રવણના કર્તાને, અને તેમાં ભક્તિભાવવાળા જીવોને ત્રિકાળ દંડવત્ છે. તે આત્મસ્વરૂપમાં ભક્તિ, ચિંતન, આત્મવ્યાખ્યાની જ્ઞાનીપુરુષની વાણી અથવા જ્ઞાનીનાં શાસ્ત્રો કે માર્ગાનુસારી જ્ઞાનીપુરુષના સિદ્ધાંત, તેની અપૂર્વતાને પ્રણામ અતિ ભક્તિએ કરીએ છીએ. અખંડ આત્મધૂનના એકતાર પ્રવાહપૂર્વક તે વાત અમને હજી ભજવાની અત્યંત આતુરતા રહ્યા કરે છે; અને બીજી બાજુથી આવાં ક્ષેત્ર, આવા લોકપ્રવાહ, આવા ઉપાધિજોગ અને બીજા બીજા તેવા તેવા પ્રકાર જોઈ વિચાર મૂર્ચ્છાવત્ થાય છે. ઈશ્વરેચ્છા !

પ્રણામ પહોંચે.

## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ પત્રાંક-૨૭ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન તા. ૫-૦૮-૧૯૯૧

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

**ધર્મસ્નેહી...શુદ્ધાત્મ સત્કાર.**

''**આપકા કાર્ડ વ પત્ર મિલે. માનસ્તંભકે શુભ પ્રસંગપર ભી મૈં વહાં નહીં આ સકૂંગા, ઇસકા કારણ પત્રકે સાથ ભેજી ગઈ શાદીકી પત્રિકાસે માલૂમ હોગા. બડે પુત્રકી શાદી તા. ૧૬-૪ કી હૈ;...**'' એમને ત્યાં એપ્રિલમાં લગ્ન પ્રસંગ હતો. ''**પુણ્યવાનોંકો શુભપ્રસંગકા યોગ હૈ,...**'' એટલે તમે બધાં પુણ્યશાળી છો, (એમ કહે છે). તમારે શુભપ્રસંગનો યોગ છે (અર્થાત્‌) તમને ગુરુદેવના પ્રવચનો (સાંભળવા) મળે છે, સત્સંગ મળે છે, તમે બધાં પુણ્યશાળી છો કે તમને ગુરુદેવનો સત્સંગ મળે છે. ''**...ઉન્હેં અશુભપ્રસંગપર બુલાના ઠીક નહીં હૈ;...**'' (એટલે) મારા ઘરે તો આ અશુભપ્રસંગ છે. કેવો (પ્રસંગ છે) ? લગ્નનો અશુભપ્રસંગ છે, એમ કહે છે. લૌકિકદૃષ્ટિએ ભલે એમાં શુભપ્રસંગ ને માંગલિકપ્રસંગ ને એ બધું લખાતું હોય, પણ ધર્મદૃષ્ટિએ તે અશુભપ્રસંગ છે.

મુમુક્ષુ :- દુર્ઘટના છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, દુર્ઘટના કહો, અશુભ પ્રસંગ કહો.

મુમુક્ષુ :- ઘરવાળાં આવું સાંભળે તો પકડીને મારે !

પૂજ્ય ભાઈશ્રી :- પ્રસંગે એવું બોલે તો મનદુઃખ થઈ જાય. એવો પ્રસંગ ઘરમાં હોય ને કાંઈ બોલે તો મનદુઃખ થઈ જાય. આવી વાત કેમ કરો છો ? એમ કહે. એમણે તો પ્રસંગે જ લખ્યું છે – લગ્ન પ્રસંગે જ લખ્યું છે. ૧૬-૪ ના લગ્ન છે અને ૯-૪ નો પત્ર છે, અઠવાડિયા પહેલા કાગળ લખ્યો છે. સાથે પેલી લગ્ન પત્રિકા મોકલી છે ને ! ''**...ઉન્હેં અશુભપ્રસંગપર બુલાના ઠીક નહીં હૈ; ફિર ભી લૌકિક વ્યવહારવશ દો પત્રિકાએં ભિજવાઈ હૈં.**''

''**વહાંસે આયે પશ્ચાત્‌...**'' પછી તો દર વર્ષે આવતાં હતાં ને ! ૧૯૫૯ પછી દર વર્ષે (સોનગઢ)



આવતાં હતાં. એટલે લખે છે કે, ''**વહાંસે આયે પશ્ચાત્‌ પરિણતિ કીચડમેં હી ફંસી રહતી હૈ,...**'' આ લગ્નનું કામ આવ્યું, વેપાર-ધંધો એ બધો કીચડ છે. ત્યાંથી આવ્યા પછી, સોનગઢથી આવ્યા પછી પરિણતિ તો કીચડમાં ફસાયેલી રહે છે. ''**જૈસી યોગ્યતા હૈ વૈસે હી નિમિત્તોં મધ્યે રહના હો રહા હૈ.**'' મારી યોગ્યતા એવી હીણી છે કે મારે આવાં હીણા નિમિત્તો વચ્ચે રહેવું પડે છે. જુઓ ! કેટલી સરળતા છે !! મારી યોગ્યતા હીણી છે. જેવી યોગ્યતા છે એવા નિમિત્તોમાં રહેવું પડે છે. કાંઈ મફતમાં રહેવાનું નથી. હું એવા પૂર્વકર્મ કરીને આવ્યો છું. એવી યોગ્યતા છે એટલે રહેવું પડે છે.

મુમુક્ષુ :- આ ઉપયોગની વાત નહીં કરીને પરિણતિની વાત કેમ કરી છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગમાં તો બધો ફરક પડતો હોય ને ! રોજ ધ્યાનમાં તો બેસતાં હોય, એમ ઉપયોગમાં ફરક પડતો હોય ને ! પરિણતિમાં ચાલુ રહે છે (એટલે કે) આ બધું કામ ચાલુ રહે છે.

મુમુક્ષુ :- તો શું પરિણતિમાં પણ એવા બે ભાગ થઈ જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- થઈ જાય.

મુમુક્ષુ :- પણ પરિણતિ તો શ્રદ્ધાને અવલંબે છે પછી કેવી રીતે બે ભાગ પડે ?

પૂજ્ય ભાઈશ્રી :- (પરિણતિ ભલે) શ્રદ્ધાને અવલંબે છે પણ ચારિત્રગુણની પરિણતિ છે ને ! ચારિત્રગુણની પણ પરિણતિ છે ને ! (કોઈ રાગ) લંબાતો હોય, કોઈ રાગ લંબાઈ જાય, વગર વિકલ્પે પણ લંબાઈ જાય તો એ પરિણતિમાં જાય ને ! ભલે સળંગ ન રહે, ક્યારેક

છૂટી જાય, એ વસ્તુ ચાલુ નથી રહેતી. પણ હમણાં હમણાં આ પ્રકારે વધારે ચાલે છે, એમ કહે છે. પરિણતિનો અને ઉપયોગનો વિષય અહીંયા નથી લેવો. સામાન્યપણે પરિણામનો બહુભાગ (આમ ચાલે છે), એમ કહેવું છે. અહીંયા એમ કહેવું છે. અહીંયા લબ્ધ પરિણતિની વાત નથી લેવી. પરિણામના બહુભાગને પરિણતિ કહી.

**'પ્રત્યક્ષ દુઃખસમૂહમેં વેદન ચલતા હૈ, પરંતુ એક હી ઝટકેમેં હટના નહીં હોતા હૈ.''** (અર્થાત્) દુઃખના સમૂહનું પ્રત્યક્ષ વેદન ચાલે છે. આ બધાં જે પરિણામો, સંસારના જે કાર્યો છે, એમાં દુઃખ નથી (પણ) દુઃખનો સમૂહ છે. અનુમાન નથી, પ્રત્યક્ષ (વેદન) છે, વેદાય છે તોપણ એક ઝાટકે છૂટો નથી થઈ શકતો. એનો અર્થ એમ છે કે એક ઝાટકે છૂટા થવાનો ભાવ આવી જાય છે પણ થાતું નથી. ''...**પરંતુ એક હી ઝટકેમેં હટના નહીં હોતા હૈ.**''

મુમુક્ષુ :- ભરત ચક્રવર્તીને એક ઝટકામાં છૂટી ગયું હતું ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એક ઝાટકે (છૂટી ગયુ હતું). એ તો દીક્ષા લ્યે છે ત્યારે તો એક જ ઝાટકે છોડે છે ને ! ત્યારે ક્યાં સંબંધ રાખે છે ! સૂક્ષ્મ સંબંધ પણ રાખતા નથી. **'સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને...'** શું (લખે છે) ? સંસારનું તીક્ષ્ણ બંધન છેદીને. (કૃપાળુદેવે) 'અપૂર્વ અવસર' (કાવ્યમાં) લીધું ને !

મુમુક્ષુ :- આટલા મોટા પુરુષાર્થીને પણ હટવામાં તકલીફ પડે છે, તો મુમુક્ષુને તો કેટલી તકલીફ પડશે એ કાંઈ કહેવાય જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- છતાં એ પણ એકવાર મુમુક્ષુ હતાં. એ પણ એકવાર મુમુક્ષુ હતાં ને ? મુમુક્ષુ હતાં ત્યારે અનુકૂળતાઓ હતી એવું ન્હોતું. મુમુક્ષુ હતાં ત્યારે પણ પ્રતિકૂળતા જ હતી અને ત્યારપછી દુકાન બંધ કરવી પડી. અજમેરમાં પોતાની દુકાન-ધંધો બંધ કરી અને આર્થિક કારણસર જ કલકત્તા આવ્યા. કલકત્તા કોઈ હરવાં-ફરવાં નથી આવ્યા. આર્થિક કારણસર આવવું પડ્યું છે. માણસ પોતાનું ગામ છોડીને (શહેરમાં) ક્યારે આવે ? ગામ છોડીને પરદેશ ક્યારે જાય ? કે દેશમાં રોટલા ન હોય ત્યારે પરદેશ જાય, એ તો સીધી વાત છે. દેશમાં રોટલો મળતો હોય ત્યાં સુધી કોઈ પરદેશ ખેડે નહીં. એનું કારણ છે કે, સગા-સંબંધી, સ્નેહી, મિત્રો બધાં અહીંયા હોય. એ બધાંને છોડીને કોને જવું ગમે ? સીધી વાત તો આ છે. મુંબઈમાં તો આજે પણ લોકો ચર્ચા કરે છે. કેમકે મુંબઈ તો એક ટાપુ હતો. મુંબઈમાં, કોઈ મુંબઈના વતની છે જ નહિ. કેમકે એ તો સાવ ટાપુ હતો. એ તો અત્યારે આટલી વસ્તી થઈ ગઈ. બાકી તો જંગલ ઝાઝુ હતું ને મકાન થોડાં હતાં ! કોઈ કહે, અહીંયા મુંબઈમાં કેમ આવ્યા ? તો કહે, દેશમાં રોટલા ખૂટ્યા એટલે આવ્યા. સીધી વાત છે.

**'પ્રત્યક્ષ દુઃખસમૂહમેં વેદન ચલતા હૈ, પરંતુ એક હી ઝટકેમેં હટના નહીં હોતા હૈ. રસ બિલકુલ નહીં હૈ,...''** આ મોટી વાત છે. **''રસ બિલકુલ નહીં હૈ, ખેદ વર્તતા હૈ. ફિર ભી ઇધરસે નિવૃત્તિયોગ નહીં બૈઠતા;...''** છતાં બહારમાં નિવૃત્તિયોગ નથી બેસતો, (એમ કહે છે). ક્યાંય રસ નથી, ઘણો ખેદ થાય છે, પણ બહારમાં નિવૃત્તિયોગ ઊભો નથી થતો.

મુમુક્ષુ :- મારે તો એ જ કહેવું છે કે, એમને રસ નથી અને આટલો પુરુષાર્થ હોવાં છતાં પણ ઝાટકો લાગતો નથી. અહીંયા મુમુક્ષુને રસ પડ્યો છે તો પછી કેવી રીતે પુરુષાર્થ જાગશે ?

પૂજ્ય ભાઈશ્રી :- એને તો પુરુષાર્થ જાગે જ નહીં. રસ પડ્યો છે એને તો પુરુષાર્થ થવાનો પ્રશ્ન જ નથી. એ તો ખૂંચી જ જવાનો, રસની અંદર તરબોળ થઈ જશે.

**''ફિર ભી ઇધરસે નિવૃત્તિયોગ નહીં બૈઠતા; યહ ભી પૂર્વ કર્મોંકી દૈન હી હૈ.''** (એટલે) એ પૂર્વ કર્મની દેન છે.

મુમુક્ષુ :- રસ કેમ મંદ થાય ? રસ કેમ તૂટે ?

પૂજ્ય ભાઈશ્રી :- નુકસાન જોવે તો (તૂટે). નુકસાનને વિચારે, નુકસાનને દેખે તો રસ મટે. રસ શું કરવા આવે છે ? લાભના કારણથી આવે છે, સુખના

કારણથી આવે છે. (પરંતુ) દુઃખ છે. એ જ પરિણામોમાં દુઃખ છે, વર્તમાનમાં નુકસાન છે, ભવિષ્યમાં પણ નુકસાનનું જ કારણ છે.

મુમુક્ષુ :- વિચારણામાં તો એવું જ છે કે, દુઃખ છે, તો પણ ભૂલ શું થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- વિચારણામાં એ વખતે (દુઃખ) નથી. એ વખતે હોય તો રસ તૂટે જ. એ વખતે હોય તો અવલોકન થાય છે (એટલે) રસ તૂટી જાય છે. (મુમુક્ષુ) આગળ-પાછળ વિચારે છે (પરંતુ) એ (ઉદય) વખતે નથી જોતો. એ વખતે જોવે તો (રસ) તૂટે જ તૂટે. બહુ રોકડું ફળ છે. (રસ) તૂટ્યા વગર રહે જ નહિ ને ! રસ તૂટી જ જાય. એ જ વખતે જાગૃત થાય કે, (હું) આ નુકસાનમાં ઊભો છું મારે મારા આત્માને નુકસાન કરવું નથી (એમ જોવે) તો આગળ નહીં વધી શકે.

મુમુક્ષુ :- એ વખતે વેદનને પકડવું જોઈએ. વેદનને પકડે તો જાગૃત થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- તો તો ઘણી જાગૃતિ છે, વેદન સુધી પહોંચે તો તો (ઘણી જાગૃતિ છે). પણ રસ આવતો હોય ત્યાં વેદનને ક્યાંથી પકડવાનો ? કારણકે હજી વિચારમાં (આવતો નથી), અવલોકનમાં આવતો નથી ત્યાં વેદનને તો ક્યાંથી પકડે ?

મુમુક્ષુ :- જીવને ભૂતકાળને અને ભવિષ્યને જોવાની ટેવ પડી ગઈ છે, એ વર્તમાનને જોતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સંભાળવાનું કામ તો વર્તમાનમાં જ કરવાનું છે અને વર્તમાનમાં જ કામ થાશે. ભવિષ્યમાં કાંઈ કામ થાય ? જે પર્યાય આવી હોય નહિ એનું કામ થાય નહિ અને જે ગઈ હોય એનું કામ ન થાય, જે (પર્યાય) ચાલતી હોય એનું કામ થાય. કામ તો ત્યાં કરવાનું છે. ભૂત-ભવિષ્યનું કામ (વર્તમાનમાં) થોડું થઈ શકે છે કે કરી શકાય છે ?

મુમુક્ષુ :- જે ચીજ હાજર જ નથી પછી એનો પ્રયોગ ક્યાંથી કરે ?

પૂજ્ય ભાઈશ્રી :- કોની સાથે કરે ? કોની સાથે કામ કરે ? તમે આવ્યા નથી તો તમારી વાત કેવી રીતે કરવી ? તમે મળો તો તમારી સાથે વાત કરું કે મળો નહિ ને વાત કરું તમારી સાથે ? આ તો એવી વાત છે.

(અહીંયા કહે છે), ''**અખંડકી અખંડતાકા પ્રયાસ ભી શિથિલ-સા હી રહતા હૈ,..**'' (અર્થાત્) પુરુષાર્થ ચાલે છે, પણ આ બધી ઉપાધીમાં થોડો પુરુષાર્થ પણ શિથિલ છે. જુઓ ! કેવો સ્વીકાર કરે છે !! પુરુષાર્થ વર્તે છે પણ અત્યારે પુરુષાર્થ થોડો મંદ પડે છે. ''**હે ગુરુદેવ ! આપમેં તીવ્ર ભક્તિકા ઉદય હોનેસે હી ઇધરકે દુઃખકા ઇલાજ હોગા,...**'' જુઓ ! કેવું લખ્યું છે ગુરુદેવને !! (ગુરુદેવે) આ નહીં વાંચ્યું હોય ? હે ગુરુદેવ ! તમારા પ્રત્યે મારી ભક્તિ હજી ઓછી છે, એ એમ બતાવે છે. આટલી ભક્તિ કર્યા પછી પણ એમ કહે છે કે, તમારા પ્રત્યે મારી ભક્તિ ઓછી છે. તમારા પ્રત્યેનો તીવ્ર ભક્તિનો ઉદય થાશે ત્યારે આ દુઃખનો ઇલાજ થવાનો છે, નહિતર મારાં આ દુઃખ મટવાના નથી. માટે મારું દુઃખ તો આપ જ મટાડશો. ''**...દૂસરા કોઈ ઇલાજ નહીં, યહ ભલિભાંતિ જાનતા હૂં.**'' જુઓ ! કેટલો ગુરુદેવનો વિનય અને ભક્તિ કર્યા છે !!

મુમુક્ષુ :- ગમે તે આવે તેને ભગવાન જ કહેતાં હતાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વિરોધના ચોપાનિયા–જૈનના છાપા ને અખબાર આવે જ છે. (તો પણ) અરે...! ભગવાન ! અરે...! ભગવાન ! એમ કહે. કરુણા કરીને કહે. મહાપુરુષની વાત જ જુદી હોય છે.

એવી વાત બહેનશ્રી માટે સાંભળી હતી કે, (એમને) ખબર હોય કે આ વિરોધી છે, પણ એ જો દર્શન કરવા આવવાની વાત કરે તો કહે, એને પહેલા આવવા દો ! એમ કહે. શું કહે ? (એને પહેલા આવવા દો) અને આવે ત્યારે એમના ખબર-અંતર પૂછે ! બીજાની સાથે વાત ન કરે, (એ લોકો) દર્શન કરીને જતાં રહે, પણ આમની સાથે સામે ચાલીને બે શબ્દ બોલે ! એના ખબર-અંતર પૂછે, કેમ છો ? આમ છે, ફલાણુ-ઢીકણુ, ગમે તે બે વાત પોતે સામે ચાલીને કાઢે. (એમને ભાવમાં એમ હોય કે) એને અભાવ હોય તો ભલે રહ્યો, પણ એને અભાવ હોય એટલે મને સામે

અભાવ થાય, તો પછી એમાં ને એમાં ફેર શું પડ્યો ? એ એમની મહાનતા છે ! એ મહાન આત્માઓની એ મહાનતા છે !!

મુમુક્ષુ :- ધર્માત્માઓની મહાનતા પણ કોઈ અલૌકિક જાતની હોય છે !

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ હોય ને ! સંસારીપ્રાણી જેવા હોય એના જેવી વાત તો ન જ હોય ને !

**''હે ગુરુદેવ ! આપમેં તીવ્ર ભક્તિકા ઉદય હોનેસે હી ઇધરકે દુઃખકા ઇલાજ હોગા,...''** આપની ભક્તિથી આ મારું દુઃખ મટશે, બીજો કોઈ ઇલાજ મને નથી દેખાતો – એમ હું બરાબર સારી રીતે સમજું છું. માટે મારી આપના પ્રત્યે ભક્તિ ઓછી છે એ હજી મારે વધારવી છે, એમ અભિપ્રાય દીધો. **''અધિક ક્યા લિખું ? સોનગઢકી દયાકા પાત્ર હૂં.''** હું તો ગુરુદેવની કરુણાને પાત્ર છું. મારા માટે હું શું લખું ? હું તો કાંઈ નથી. **''આપકે ઉલાહને સુનને યોગ્ય હૂં.''** અને તમે જે ઓળંભા અને ઉલાહના આપો છો, એ સાંભળવાને હું પાત્ર છું. લખો તમે તમારે બે શબ્દ કડવા, લખો કાંઈ વાંધો નહિ ! (એમ કહે છે).

**''કરીબ એક માહસે કુછ શારીરિક અસ્વસ્થતા ભી ચલ રહી હૈ. હે પ્રભુ ! શીઘ્ર ઇધરસે નિવૃત્તિ હોકર ગુરુચરણોંમેં રહના હોવે,..''** જુઓ ! કેવી ભક્તિ કરી છે !! **''હે પ્રભુ ! શીઘ્ર ઇધરસે નિવૃત્તિ હોકર ગુરુચરણોંમેં રહના હોવે, જિન્હોંને અખંડ ગુરુવાસમેં ચરના સિખાયા હૈ,...''** આ નિજગુરુ ! અખંડ ગુરુ એટલે પોતાનો નિજગુરુ. એના વાસમાં ચરવાનું શીખવાડ્યું છે, એના ચરણમાં રહેવાનું મળે, **''...યહ હી વિનતી.''**

**''આપ સબસે ક્ષમાકા ઇચ્છુક વ આપકી વાત્સલ્યતાકા આભારી.''** તમે તો ઉલાહના લખો છો – ઓળંભા દો છો પણ એ તો વાત્સલ્યથી લખો છો ને ! (એટલે) હું તો તમારો આભાર માનું છું. ખોટું નથી લગાડતાં (કે) કેમ આવું લખો છો ? કેમ આવું સંભળાવો છો ? સરળતાથી સીધું લ્યે છે.

---

*(પૂજ્ય શશીભાઈનુ પ્રવચન)*

**તેવી તેને પ્રીતિ હોય છે.'** એ કામ બધા પ્રેમથી કરે છે. એ પ્રીતિથી કરે છે. કેમ કે પોતાનું આત્મકલ્યાણ પણ એ કોઈ પ્રભવાના યોગમાં જ થયેલું છે. એટલે બીજા પણ અનેક જીવોને પ્રભાવના યોગની અંદર આત્મકલ્યાણ થવાની તક સાંપડે છે એ વાતની સમજણ પોતાને હોય છે એટલે એવું કામ એ પોતે પ્રીતિથી કરે છે.

**'જેમણે આત્માનો માર્ગ બતાવ્યો, તે માર્ગની પ્રાપ્તિ માટે માર્ગદર્શન આપ્યું અને જેનો પરમ ઉપકાર છે તેમની કેમ પ્રભાવના થાય તેવો હેતુ પાત્ર શિષ્યને હોય છે,...'** એટલે એમના જે ઉપકારી ગુરુ હોય એ પ્રભાવના ગુરુ પણ કરે છે એટલે પોતાના લાભ થયો છે તો એ વધારેમાં વધારે એમની પ્રભાવના કેમ થાય એ માટે પોતે પણ આટલો વિચાર રાખે છે કે મને માર્ગ બતાવ્યો. મને એમના પાસેથી માર્ગદર્શન મળ્યું અને મારા ઉપર એમનો ઘણો ઉપકાર છે. અને ઉપકારની સામે શું થાય ? કે એ જે એમની બાહ્ય પ્રભાવનાની પ્રવૃત્તિ છે એમાં પોતે પણ સમર્પણ કરીને તન-મન-ધનથી, મન-વચન-કાયાથી સમર્પણ કરી અને પોતે પણ એ પ્રભાવનામાં જોડાય છે એવો એમને હેતુ હોય છે અને એમાં પણ આત્મકલ્યાણ મુખ્ય રાખીને, પોતાના કલ્યાણને ખોઈ બેસીને નહિ.

**'બીજો કોઈ અન્ય હેતુ તેનો હોતો નથી. આ પાત્ર જીવનું લક્ષણ છે.'** એટલે પાત્રતામાં મુખ્ય એક ચાવી આપી દીધી કે આત્મકલ્યાણની મુખ્યતાવાળું પ્રયોજન છે એ છૂટવું ન જોઈએ, બસ ! બાકી બીજું બધું ગૌણ છે. એની પાસે બીજું બધું ગૌણ જ છે. બીજી Second priority દેવ-ગુરુ-શાસ્ત્ર-ધર્મની પ્રભાવનાની. બસ ! પોતાનું આત્મકલ્યાણ એ થતાં, એ સાધતા બીજા જીવોનું પણ કાંઈ આત્મકલ્યાણ થાય. બાકી જેટલું થઈ શકે એટલું કરી છૂટવું બસ. ૨૪૩ પૂરો થઈ ગયો.

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા



પ્રશ્ન :- જ્ઞાનીને શુભરાગ કાળા નાગ જેવો દેખાય છે એમ કહીને જ્ઞાનીને સવિકલ્પદશામાં નિરંતર પૂર્ણતાની ભાવના રહ્યા કરે છે એમ જ કહેવું છે ને ?

સમાધાન :- હા, સ્વાનુભૂતિ-નિર્વિકલ્પદશા હોય ત્યારે તો વિકલ્પ તરફ તેનો ઉપયોગ પણ નથી. પોતે તો આનંદમાં-નિર્વિકલ્પ દશામાં છે. પણ જ્યારે બહાર તેનો ઉપયોગ આવે છે ત્યારે જાણે છે કે આટલી અધૂરાશ છે; અને મને પૂર્ણતા ક્યારે થાય ? આ વિભાવભાવ મારે જોઈતો નથી; આટલો વિભાવ પણ મને પોષાતો નથી. આંખમાં જેમ કણું ન સમાય તેમ દ્રવ્યદૃષ્ટિએ હું પૂર્ણ હોવા છતાં પર્યાયમાં આટલીયે કચાશ મારે ન જોઈએ, એટલે રાગ તેને કાળો નાગ લાગે છે. તે મને આદરણીય નથી, હું પૂર્ણ થઈ જાઉં એવી ઉગ્ર ભાવના વર્તે છે. નિર્વિકલ્પદશા વખતે વિકલ્પ તરફ તેનો ઉપયોગ નથી અને જ્યારે બહાર આવે છે ત્યારે ભેદજ્ઞાનની ધારા વર્તે છે. તેને વિભાવની સાથે એકત્વબુદ્ધિ નથી. **(સ્વાનુભૂતિદર્શન-૨૧૨)**

પ્રશ્ન :- ક્ષાયિક સમકિતી લડાઈના મેદાનમાં તલવાર લઈને જાય તે શું નવાઈ નથી લાગતી ?

સમાધાન :- એટલી તેની અધૂરાશ છે, ભાવના તો ઉગ્ર છે. અંદર ભેદજ્ઞાનની ધારા વર્તે છે, એકત્વબુદ્ધિ નથી રાજનો અલ્પ રાગ છે એટલે લડાઈના મેદાનમાં ઊભો રહે છે. છતાં તેનું વર્તન ન્યાયપૂર્વકનું હોય છે. તેની અંતરની પરિણતિ જુદી છે; તેના અંતરને જોવાનું છે.

જેમ હાથીના દાંત દેખાવના જુદા અને અંતરના જુદા હોય છે તેમ આ જ્ઞાની લડાઈ કેમ કરતા હશે ? એવું લાગે, પણ તે વખતે સ્વભાવની પરિણતિમાં પોતે ઊભા છે, અલ્પ રાગ છે એટલે બહાર ઊભા દેખાય, પણ જો તે વખતે પણ વૈરાગ્યભાવના વધી જાય તો મુનિ થઈને ચાલ્યા જાય છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૧૩)**

પ્રશ્ન :- શું ભેદજ્ઞાન તે જ સ્વાનુભૂતિ પ્રગટ કરવાનો ઉપાય છે ?

સમાધાન :- ભેદજ્ઞાનની ધારા દ્વારા સ્વાનુભૂતિ થાય છે, વારંવાર ભેદજ્ઞાનની તીક્ષ્ણતા કરવાથી સ્વાનુભૂતિ થાય છે. કોઈને ઉગ્રતા તરત જ થાય તો તાત્કાલિક થઈ જાય છે, -તે ક્ષણે જ થઈ જાય છે અને મોટા ભાગના જીવોને અભ્યાસની ઉગ્રતા કરવાથી સ્વાનુભૂતિ થાય છે. સમયસાર મોક્ષ અધિકારના ૧૮૦ કળશમાં તો ભેદજ્ઞાન એટલે સ્વાનુભૂતિની વાત લીધી છે. ભેદજ્ઞાન દ્વારા તાત્કાલિક ભેદ થઈ જશે અને તેમાં તને સ્વાનુભૂતિ થશે. વિકલ્પવાળી ભૂમિકામાં લેવું હોય તો વારંવાર અભ્યાસ એટલે વારંવાર ભેદજ્ઞાનની ઉગ્રતા કરવાથી તને સ્વાનુભૂતિ થશે. તે વખતે વિકલ્પ છે પણ વિકલ્પ તે હું નથી, હું જ્ઞાયક છું-જ્ઞાયક છું એવી જ્ઞાતાધારાની ઉગ્રતા દ્વારા તને સ્વાનુભૂતિ થશે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૧૪)**

પ્રશ્ન :- પરિણતિ અને ઉપયોગ તે બંનેમાં ફેર છે ?

સમાધાન :- પરિણતિ અને ઉપયોગમાં ફેર છે. ભેદજ્ઞાનની ધારારૂપ તેની પરિણતિ તો કાયમ ચાલુ જ છે, જ્યારે ઉપયોગ તો બહાર આવે અને અંતરમાં આવે. ઉપયોગ અંતરમાં આવે ત્યારે સ્વાનુભૂતિ થાય. પછી બહાર આવે. ઉપયોગ બહાર આવવા છતાં પરિણતિ તો ચાલુ જ છે. આમ પરિણતિ અને ઉપયોગમાં ફેર છે. ભેદજ્ઞાનની ધારા તો ચાલુ જ છે, અમુક અંશે જેટલી દશા પ્રગટ થઈ તેટલી ચાલુ છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૧૫)**

## પૂજ્ય શ્રી સોગાનીજીની ૧૦૦મી જન્મજયંતી પ્રસંગે કોટીકોટી વંદન
## ધન્ય ગુરુ ! ધન્ય શિષ્ય !!
## પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની વિષે
## અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રમોદપૂર્ણ હૃદયોદ્‌ગાર !

'સોગાની' કા પુસ્તક હૈ... 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ! (ઉનમેં) બહુત શક્તિ થી. આત્મજ્ઞાન હુઆ થા. યહીં... ઇસી ગાંવમેં...! પહલે સાધુ–બાવાકા બહુત પરિચય કિયા થા. યમ, નિયમ, ધ્યાન... (સબ કિયા થા). ફિર યહાં આયે (તો હમને) ઇતના કહા – 'ભૈયા ! યે વિકલ્પ ઊઠતા હૈ ન ! રાગ ! ચાહે તો દયા, દાનકા હો ! યે સબ રાગસે અંદર પ્રભુ ભિન્ન હૈ !' ઐસા કહા ઔર ધ્યાનમેં ચલે ગયે. યહાં રસોઈ હૈ ન રસોઈ ? (સમિતિ) ! સમિતિમેં ગયે ઔર શામ સે સબેરે તક ધ્યાનમેં બૈઠે ! અંદરમેં ઘોલન કરતે... કરતે... કરતે... રાગસે ભિન્ન ચૈતન્યકા અનુભવ યહાં સમિતિમેં હુઆ થા. બાદમેં સારી જિંદગી બહુત અચ્છે સંસ્કાર લેકર સ્વર્ગમેં ચલે ગયે ! આહા..હા...! બહુત શક્તિ થી ! 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' હૈ ન ! ઉસમેં બહુત હૈ ! ...વહાંસે નિકલકર બાદમેં દૂસરે ભવમેં કેવલજ્ઞાન પાકર મોક્ષ હો જાયેગા ! ...વહાં સ્વર્ગમેં ભી આત્મામેં ઠરતે હૈં. પરંતુ થોડા રાગ હૈ તો મનુષ્યભવ પાકર, કેવલજ્ઞાન પાકર, રાગકા નાશ હોકર મુક્તિ હોગી !!

(શ્રી 'સમયસાર કળશ ટીકા' કળશ–૨૧૬ના પ્રવચનમાંથી, સળંગ પ્રવચન નં. ૨૪૧)



પૂજ્ય ગુરુદેવશ્રીના મહાપુરાણનું આ એક પાત્ર છે. સોનગઢની તીર્થભૂમિ–એ તીર્થભૂમિમાં સમ્યગ્દર્શનરૂપી સપૂત કોઈ નહોતો જાગ્યો, નહોતો પાક્યો, ત્યાં સુધી આગળ જે-જે ધર્માત્માઓ થયા એ સોનગઢ ભૂમિમાં નથી થયા, જુદી-જુદી ભૂમિમાં થયા છે. જ્યારે ગુરુદેવની જે સાધનાભૂમિ છે, એ સાધનાભૂમિમાં સાધનાનું એક નવું યશકલગી ઉમેરાણું અને એ ભૂમિ પણ ફલવંતી થઈ અને એક ફળ પાક્યું – એ સોગાનીજી છે. પૂજ્ય સોગાનીજીનું બહુમાન એ માત્ર એક વ્યક્તિનું બહુમાન નથી, એ સમ્યગ્દર્શનનું બહુમાન છે અને જે-જે સર્વ સમ્યગ્દર્શન ધારક મહાત્માઓ છે, ધર્માત્માઓ છે તે અનંતા – ત્રણે કાળના ધર્માત્માઓનું બહુમાન, એમાં સન્માન છે.

*(–પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ)*

**શાસન શિરોમણિ, નિશ્ચયરત્નત્રયાત્મક મોક્ષમાર્ગ પ્રકાશક, ભાવિના ભગવાન, જિનેન્દ્ર લઘુનંદન વહાલા કહાનગુરુની ૧૨૨મી જન્મજયંતીના મંગલકારી પ્રસંગે તેઓશ્રીના પાવન પાદપંકજમાં શત શત વંદન હો !**



ગુરુદેવ તો પોતે એક અલૌકિક દ્રવ્ય હતાં, અલૌકિક એમનું પરિણમન હતું ને પુણ્યનો - વાણીનો યોગ પણ કોઈ અલૌકિક સાતિશય યોગ હતો. ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. સાંભળનારને તો કાનમાં કોઈ અમૃતની ધાર કરતું હોય એવું મીઠું લાગે. કેટલાક જીવોને તો એવું લાગ્યું છે કે જાણે કોઈ દૈવીવાણી આવે છે !! એક અસાધારણ યુગપુરુષ જેવું ગુરુદેવનું વ્યક્તિત્વ હતું અને કર્તૃત્વ પણ એવું જ હતું.

*(–પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ)*